તમારી આસપાસ બનતી ઘટનાઓ, અપરાધ, ભ્રષ્ટાચાર, દુષ્કર્મ અને અન્યાયની અમને જાણ કરો તેમજ સમાચાર, ઈવેન્ટ અને જાહેરાત માટે સંપર્ક કરો.
(*માહિતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે)

પ્રજાનો આત્મવિશ્વાસ ધરાવતું 'ગુજરાત પહેરેદાર' ન્યૂઝ માટે સમગ્ર ગુજરાતમાં શહેર, તાલુકા અને જિલ્લા સ્તરે પત્રકાર તેમજ બ્યુરો ચીફ તરીકે કારકિર્દી બનાવવા માટે સંપર્ક કરો

+91 9925368282, +91 9824368282,
E-mail: gujaratpaheredar@gmail.com
Website: www.gujaratpaheredar.com

પ્રજાનો આત્મવિશ્વાસ...

RNI NO. GUJGUJ/2022/81940

# ગુજરાત પહેરેદાર

GUJARAT PAHEREDAR WEEKLY

પંચમહાલ, વડોદરા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર સાપ્તાહિક

9925368282 / 9824368282 Email: gujaratpaheredar@gmail.com www.gujaratpaheredar.com


■ YEAR : 02 ■ ISSUE NO. 11 ■ DATE : 13/06/2023, Tuesday ■ Editor : DAXA PARKASH YADAV, Sub Editor: PRAKASH YADAV (PATIL) Mo.No.: 992536 8282 / 9824368282 ■ PAGE 04 ■ PRICE : 2.00 ■ Annual Sub: 150/-
■ Regd. Office : 67, SUNDRANI BHAVAN, SHANTI PRAKASH HOUSING SOCIETY, VAVDI BHUJARG, GODHRA, PANCHMACHAL, GUJARAT-389001-INDIA ■ E-mail : gujaratpaheredar@gmail.com

• તંત્રી : દક્ષા પ્રકાશ યાદવ • સહતંત્રી: પ્રકાશ યાદવ (પાટીલ) • વર્ષ - ૦૨ • અંક નં. ૧૧ • તારીખ : ૧૩/૦૬/૨૦૨૩, મંગળવાર • મો. ૯૯૨૫૩૬૮૨૮૨ / ૯૮૨૪૩૬૮૨૮૨ • કિંમત : ૨.૦૦ • પાના -૪ • વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦/-
• રજી. ઓફિસ : ૬૭, સુંદરાની ભવન, શાંતિ પ્રકાશ હાઉસીંગ સોસાયટી, વાવડી ભુજર્ગ, ગોધરા, પંચમહાલ, ગુજરાત-૩૮૯૦૦૧, ઈન્ડિયા • E-mail : gujaratpaheredar@gmail.com


## 15 જૂનની રાત્રે જખૌ પાસે ટકરાઇ શકે છે વાવાઝોડું

### વાવાઝોડું પોરબંદર અને દ્વારકા નજીક, 10 મીટર જેટલા ઉંચા મોજા ઉછળવાની સંભાવના

**ભુજમાં ભારે પવનના કારણે દીવાલ ધરાશાયી થતા બે બાળકોનાં મોત, અત્યાર સુધીમાં 8 જિલ્લામાં 6827 લોકોનું સ્થળાંતર**




**બિપોરજોય વાવાઝોડાને લઈ PM મોદીનું ટ્વીટઃ**
દરેકની સલામતી, સુખાકારી માટે પ્રાર્થના, આવશ્યક સેવાઓની જાળવણી સુનુશ્ચિત કરવામાં આવી, સંવેદનશીલ વિસ્તારમાંથી સ્થળાંતર કરી દેવામાં આવ્યું.

બિપોરજોય વાવાઝોડું અરબી સમુદ્રમાં આગળ વધ્યું છે. ત્યારે હાલ વાવાઝોડું જખૌથી 560 કિમી દૂર છે. તેમજ પોરબંદરથી 330 કિમી અને દ્વારકાથી 385 કિમી દરિયામાં વાવાઝોડું સ્થિર છે. બિપોરજોય વાવાઝોડાની સ્પીડ 140 કિમી પ્રતિકલાકની છે. બિપોરજોય વાવાઝોડું દર કલાકે 8 થી 10 કિમી આગળ વધી રહ્યું છે. 15 જૂનની રાત્રે જખૌ પાસે વાવાઝોડું ટકરાઈ શકે છે. દરિયામાં 10 મીટર જેટલા ઊંચા મોજા ઉછળવાની સંભાવનાં છે.

બિપોરજોય ગુજરાતમાં દસ્તક દેવાની તૈયારી કરી રહ્યું છે, તે સમયે લોકો સુધી મેસેજ પહોંચાડવા હાલમાં એક સદીથી એક શોખ રૂપે સચવાઈ રહેલો હેમ રેડિયો જ માનવજીવન બચાવવા અને રાહત કામગીરી માટે સંકટ સમયની સાંકળ પુરવાર થયો છે. કચ્છના દરિયાકિનારા વિસ્તારમાં સાવચેતીના ભાગરૂપે વહીવટી તંત્ર દ્વારા કલમ 144 લાગુ કરાઈ છે. આ વાવાઝોડાને પગલે લોકોમાં ભારે ભય ફેલાયો છે અને દરિયાકિનારાના લોકોએ પૂજા-ઉપાસનાઓથી દરિયાદેવને ખમ્મા કરવાની ગળગળા સાદે પ્રાર્થના શરૂ કરી છે. અરબી સમુદ્રમાં સર્જાયેલ બિપોરજોય વાવાઝોડું વધુને વધુ વિકરાળરૂપ લઈ રહ્યું છે. સ્થાનિક હવામાન વિભાગે તા 15 અને 16 જૂને કચ્છ, જામનગર અને દેવભૂમિ દ્વારકા માટે વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર કર્યું છે. બિપોરજોય વાવાઝોડું આગાહીનાં પગલે દરિયા કિનારાનાં વિસ્તારોમાં વરસાદી માહોલ છવાયો છે. ત્યારે બિપોરઝોડ વાવાઝોડું પોરબંદરથી 320 કિમી દૂર છે. અને 15 જૂને કચ્છનાં માંડવી અને પાકિસ્તાનનાં કરાંચી વચ્ચે ટકરાઈ શકે છે. ત્યારે બિપોરજોય વાવાઝોડાને પગલે ગુજરાતનાં ચાર કેન્દ્રીય મંત્રીઓ મનસુખ માંડવિયા, પુરૂષોત્તમ રૂપાલા, દર્શનાં જરદોષ તેમજ મહેન્દ્ર મુંજપરાને પ્રભાવિત જીલ્લાઓની સમીક્ષા કરવાની કામગીરી સોંપવામાં આવી છે.

### અંબાલાલની આકરી આગાહી

## 50 વર્ષમાં ન જોયું હોય તેવું વાવાઝોડું, કડાકા ભડાકા, આંધી સાથે વરસાદ ઘમરોળશે

વાવાઝોડાને લઈ અંબાલાલ પટેલની ફરી એક વાર આગાહી સામે આવી છે અને તેમણે જણાવ્યું છે કે, 50 વર્ષમાં ન જોયું હોય તેવું વાવાઝોડું આ વર્ષે આવ્યું છે.

અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, આ વાવાઝોડાની અસર 50 વર્ષમાં સૌથી મોટી છે તેમજ ગાજવીજ અને ધૂળના તોફાનો આવી શકે છે સાથો સાથ કડાકા-ભડાકા, આંધી સાથે વરસાદ થઈ શકે છે

વાવાઝોડાની અસર રાજ્યના પશ્ચિમ કાંઠા વધુ જોવા મળી શકે છે તેમજ તેજ પવન સાથે વરસાદ ખાબકી શકે છે તો વળી 12થી 16 જૂને મધ્ય ગુજરાતમાં અસર થઈ શકે છે. અમદાવાદ, ગાંધીનગર સુધી વરસાદ થઈ શકે છે

હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, વાવાઝોડાની સૌથી વધારે અસર ઓખા, દ્વારકા, માંગરોળમાં વર્તાશે. તો વેરાવળ, ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગરમાં પણ વાવાઝોડાની અસર થશે. તેમણે જણાવ્યું છે કે, વાવાઝોડાને પગલે વલસાડ, નવસારીના ભાગોમાં અતિભારે વરસાદ પડશે. આગામી 12થી 16 જૂન દરમિયાન વરસાદની સંભાવના સૌથી વધારે છે.

વાવાઝોડાને પગલે દરિયાકાંઠે ભારે પવન ફૂંકાશે અને ઊંચા મોજા ઉછળશે. દરિયો તોફાની બનશે અને દરિયામાં ભારે કરંટ જોવા મળશે. ભારે વરસાદની સ્થિતિ મધ્ય ગુજરાતમાં પણ જોવા મળશે. આગામી 12થી 16 જૂન દરમિયાન વડોદરા, આણંદ, અમદાવાદ, ગાંધીનગર સુધી વાવાઝાડાની અસર થશે. મધ્ય ગુજરાતના આ ભાગોમાં હળવાથી ભારે વરસાદની સંભાવના છે. આગામી 12થી 16 જૂન દરમિયાન ગુજરાતના કેટલાકભાગોમાં ભારે ગાજવીજ અને ધૂળની ડમરી સાથે વરસાદ ખાબકશે. બંગાળના ઉપસાગરમાં પણ એક સિસ્ટમ સક્રિય થઈ છે. જેના કારણે વાવાઝોડું મજબૂત બન્યું છે. વાવાઝોડું જેમ-જેમ નજીક આવશે તેમ-તેમ રાજ્યમાં ભારે પવન ફૂંકવા લાગશે.

### ગુજરાત પહેરેદાર NEWS — બ્રેકિંગ ન્યુઝ

Email: gujaratpaheredar@gmail.com

- અંબાલાલની આગાહીઃ 50 વર્ષમાં ન જોયું હોય તેવું વાવાઝોડું તેમજ કડાકા ભડાકા, આંધી સાથે વરસાદ ઘમરોળશે.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે દિલ્હીમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ડિઝાસ્ટર મેનેજમેન્ટના પ્રધાનો સાથે કરશે મહત્વની બેઠક.
- કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયનો ખુલાસોઃ Co-WIN પોર્ટલ સંપૂર્ણપણે સલામત અને ડેટા ચોરીનો અહેવાલ ખોટો.
- બિપોરજોય વાવાઝોડાના સંકટ સામે ગુજરાત સરકાર એલર્ટઃ ગુજરાતના ચારેય કેન્દ્રીય મંત્રીઓને સોંપાઈ પ્રભાવિત જિલ્લાઓની જવાબદારી.
- વાવાઝોડાને લઈ 13,14 અને 15 જૂન ત્રણ દિવસ સુધી પોરબંદરની શાળાઓમાં રજા અપાઈ.
- બિપોરજોયને કારણે ૧૫મી જૂન સુધી ૯૫ ટ્રેનો રદ્દ.
- નોર્વે પહોંચ્યો કેનેડિયન આગનો ધુમાડો, આખું યુરોપ આવી શકે છે ચપેટમાં.
- ગુજરાતમાં 2500થી વધુ ડૉક્ટરો અને તબીબી દ્વારા 55 હજારથી વધુ પોલીસ જવાનોને (CPR)ની તાલીમ આપવામાં આવશે.
- રાજકોટમાં "ઉડતા પંજાબ" જેવી હાલતઃ વીરપુર પાસેથી મળી આવ્યો એમ.ડી ડ્રગસ, પોલીસે મુદ્દામાલ કબ્જે કરી શખ્શની કરી ધરપકડ.
- અમદાવાદમાં 18મી જૂને શક્તિસિંહ ગોહિલ કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષનો કાર્યભાર સંભાળશે.

## ખાનગી કંપનીની ઓઈલ રિંગ પર ફસાયેલા 11 કર્મચારીઓને રેસ્ક્યું ઓપરેશન કરી એરલિફ્ટ કરાયા

બિપરજોય વાવાઝોડાની અસરો વર્તાવા લાગી છે. ઓખાના દરિયામાં હાલ તોફાની પવન ફૂંકાઈ રહ્યો છે, તેની વચ્ચે કોસ્ટગાર્ડના જવાનો દ્વારા ખાનગી કંપનીની ઓઈલ રિંગ પર ફસાયેલા કર્મચારીઓનું રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. 11 કર્મચારીઓને એરલિફ્ટ કરી લેવાયા હોવાનું જાણવા મળ્યું છે. ભુજના લખુરાઈ ચાર રસ્તા પાસે દીવાલ ધરાશાયી થતા બે બાળકોના મોત નિપજ્યા છે. જ્યારે એક ઈજાગ્રસ્ત થયો છે. બિનસત્તાવાર અહેવાલ અનુસાર ભારે પવનના કારણે દીવાલ ધરાશાયી થયું હોવાનું મૃતક બાળકોના પરિવારજનોએ જણાવ્યું હતું.

દરમ્યાન, કચ્છ તરફ ધસી રહેલાં ચક્રવાતને લઈને દેશના પશ્ચિમ કાંઠાના મહાબંદર કંડલા ખાતે લોકોનું સ્થળાંતર શરૂ કરી દેવાયું છે. કંડલા પોર્ટના જનસંપર્ક અધિકારી ઓમ પ્રકાશ દાદલાણીના જણાવ્યા પ્રમાણે, દરિયાની નજીક નિંચાણવાળા વિસ્તારોમાં રહેતા પરિવારોને સલામત સ્થળે ખસેડાયા છે અને આ તમામને ગોપાલપુરી ખાતે આવેલા સરદાર વલ્લભભાઈ પટેલ વિવિધલક્ષી સંકુલ ખાતે રખાયા છે અને તેમના માટે ચા-પાણી, નાસ્તો અને ભોજનની વ્યવસ્થા દિન દયાળ પોર્ટ ઓથોરિટી તરફથી કરવામાં આવી છે.

અરબી સમુદ્રમાં કેન્દ્રિત થયેલું બિપરજોય વાવાઝોડું કચ્છના માંડવીના સાગરકાંઠા તરફ આગળ ધસી રહ્યું છે અને તે પ્રચંડ વાવાઝોડાંમાં ફેરવાયું છે. 'સમુદ્રી ડ્રેગન'માં પરિવર્તિત થઈ ચૂકેલું આ વાવાઝોડું એટલું પ્રચંડ છે કે, દુનિયાભરના મોસમ વૈજ્ઞાનિકો તેના પર ચાંપતી નજર રાખી રહ્યા છે અને કચ્છ તરફ એક મોટી આફત સમુદ્રી માર્ગે આવી રહી હોવાનું જણાય છે.

## વિધાનસભા ચુંટણી પહેલા પેટ્રોલ-ડીઝલ સસ્તા થવાના એંધાણ

**ગુજરાત પહેરેદાર**

ચાલુ વર્ષના અંતમાં ભાજપ માટે અત્યંત મહત્વના પાંચ રાજ્યોની ચૂંટણી યોજવાની છે ત્યારે મતદારોને આકર્ષવા માટે પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો થઈ શકે છે.

ઉલ્લેખનિય છે કે કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંહ પુરીએ સંકેત આપતા કહ્યું છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલની કિંમતો સ્થિત રહી તો સરકારી કંપનીઓ પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટાડી શકે છે.

## ભારતીય પત્રકારોને ચીન છોડવાનું કહ્યું; યુએસ-ઓસ્ટ્રેલિયા સાથે પણ સમાન વર્તન કર્યું

ચીને ભારતના છેલ્લા પત્રકારને પણ દેશ છોડવાનો આદેશ આપ્યો છે. આ પત્રકાર ન્યૂઝ એજન્સી પીટીઆઈનો છે અને તેના ચીનમાં રોકાણ સાથે સંબંધિત દસ્તાવેજો રિન્યૂ કરવામાં આવ્યા નથી.


ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

ચીનનો આરોપ છે કે ભારતમાં તેના પત્રકારો સાથે યોગ્ય વ્યવહાર કરવામાં આવતો નથી. તેથી તેને પણ કડક પગલાં લેવાની ફરજ પડી છે. જોકે સોમવારે ચીનના વલણમાં થોડી નરમાઈ જોવા મળી હતી. તેમના વિદેશ મંત્રાલયે કહ્યું- આશા છે કે બંને દેશ આ તણાવને દૂર કરવા માટે કોઈ મધ્યમ રસ્તો કાઢશે. જો કે ભારત પહેલા અમેરિકા અને ઓસ્ટ્રેલિયામાં પણ આ જ ટ્રીટમેન્ટ કરવામાં આવી છે. જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ હતા ત્યારે તેમણે ચીનની આ હરકતોનો જડબાતોડ જવાબ આપ્યો હતો.

સોમવારે પ્રથમ વખત ચીનના વિદેશ મંત્રાલયે બંને દેશોમાં પત્રકારોને લઈને ચાલી રહેલા તણાવ પર પ્રતિક્રિયા આપી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા વાંગ વેનબિને કહ્યું- તાજેતરના વર્ષોમાં ભારતમાં ચીની પત્રકારો સાથે યોગ્ય વ્યવહાર કરવામાં આવ્યો ન હતો. તે ભેદભાવનો શિકાર બન્યો. આ હોવા છતાં, અમે આશા રાખીએ છીએ કે ભારત અમારા પત્રકારોને વિઝા આપવાનું ચાલુ રાખશે.

વાંગે આગળ કહ્યું- અમે એ પણ આશા રાખીએ છીએ કે ભારતમાં અમારા પત્રકારો માટે સર્જાયેલી સમસ્યાઓ દૂર થઈ જશે. બંને દેશોના પત્રકારો એકબીજાના દેશમાં આરામથી કામ કરી શકે તે માટે એવી પરિસ્થિતિઓ બનાવવામાં આવશે.

## 18 જૂને રોજ શક્તિસિંહ ગોહિલ કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષનો કાર્યભાર સંભાળશે, આશ્રમથી કાર્યાલય પગપાળા જશે

18 જૂને રોજ શક્તિસિંહ ગોહિલ કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષનો કાર્યભાર સંભાળશે આ દરમિયાન તેઓ અમદાવાદમાં ગાંધીઆશ્રમથી પગપાળા પ્રદેશ કાર્યાલય જશે અને ત્યાર બાદ પાર્ટી હાઈકમાન્ડે સોંપેલી જવાબદારી તેઓ સંભાળશે. ભાવનગરના, શક્તિસિંહ ક્ષત્રિય સમાજમાંથી આવે છે. પાર્ટીના વરિષ્ઠ નેતા અર્જુન મોઢવાડિયા સાથે પણ તેમના સારા સંબંધો છે. આવી સ્થિતિમાં ગોહિલ ગુણાકારની રાજનીતિ કરીને ભાજપને ટેન્શન આપી શકે તેવી ધારણા છે.


ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

આ દરમિયા શક્તિસિંહ ગોહિલે કહ્યું કે, હુ પક્ષનો સૈનિક છું સેનાપતિ પક્ષની જાબજદારી નક્કી કરે છે. ગુજરાતી ભલાઈ માટે અને સેવક તરીકે કામ કરીશ. તમામ નેતા અને ગુજરાતીઓનો અને કોંગ્રેસના નેતૃત્વનો આભાર માનું છું. આ પહેલા હું નાની ઉંમરમાં વિપક્ષનો નેતા હતો. કચ્છના ગુજરાતીઓએ પણ ખૂબ પ્રેમ આપ્યો છે. ગુજરાતી અસ્મિતા માટે મેહનત કરવી છે. જૂની પરંપરા ફરી સ્થાપિત થાય તે માટે કામ કરઈશ.

## વર્ષ ૨૦૨૨ ગુજરાતમાં મહિલાઓ પરના અત્યાચારમાં વધારો

**ગુજરાત પહેરેદાર**

નારી તું નારાયણી સૂત્રનો ભલે પ્રચાર અને પ્રસાર થતો હોય પરંતુ ગુજરાતમાં વર્ષ ૨૦૨૧ની તુલનામાં ૨૦૨૨માં મહિલા સુરક્ષા અને સશક્તિકરણના દાવાનો છેડ ઉડાડતા ચોંકાવનારા આંકડાઓ બહાર આવ્યા છે અને મહિલાઓ પર થયેલા અત્યાચારના બનાવો વધી રહ્યાનું પોલીસના ચોપડે નોંધાયેલા આંકડા પરથી સ્પષ્ટ થઈ રહ્યું છે.

ઉલ્લેખનિય છે કે રાજ્યમાં વર્ષ ૨૦૨૨માં ગેંગરેપના ૨૬ અને દુષ્કર્મના ૫૮૮ સાથે કુલ ૬૧૪ બનાવો બન્યા છે તેમજ આબરૂ લેવાના ઈરાદે હુમલાના ૧૬૫, લગ્નની ફરજ પાડવા માટેના ૮૦૬ કેસ નોંધાયેલ છે.

જો કે સાસરિયાં દ્વારા ત્રાસ આપવાના ૨૧૫૦, દહેજ મૃત્યુના ૧૦ અને જાતીય સતામણીના ૫૧૨ કેસો જેવા આંકડાઓ કાબૂમાં રાખવા સરકાર સફળ રહેલી છે. પરંતુ મહિલાઓની સુરક્ષા અને સશક્તિકરણના દાવાઓ કેટલીક જગ્યાએ પોકળ સાબિત થઈ રહ્યાં છે.


🙏 દાન માટે જાહેર અપીલ 🙏
"ગુજરાત પહેરેદાર" ન્યૂઝ ના સૌજન્યથી ગુજરાતના મુખ્ય શહેરોમાં સિનિયર સિટીઝનો ને સ્થાનિક પ્રવાસની વિનામૂલ્ય સેવા આપવા માટે દાનવિરોને આવકારીએ છીએ.
- એક ઇલેક્ટ્રીક રિક્ષાની કિંમત ૨ લાખ રૂપિયા,
- દરેક દાતાનું નામ જે તે રિક્ષા પર લખવામાં આવશે.



પ્રજાનો આત્મવિશ્વાસ.. TITLE CODE : GUJGUJ17802
ગુજરાત પહેરેદાર
GUJARAT PAHEREDAR WEEKLY
દર મંગળવારે પંચમહાલ ગુજરાતથી પ્રગટ થતું ગુજરાતી સાપ્તાહિક
સમાચાર, જાહેરાત માટે સંપર્ક: 9824368282, 9925368282,


SHE Team
મહિલાઓ સાથે | મહિલાઓ માટે
સતર્ક રહો.. સલામત રહો..




VADODARA CITY POLICE

પ્રજાનો આત્મવિશ્વાસ.. TITLE CODE : GUJGUJ17802
ગુજરાત પહેરેદાર
GUJARAT PAHEREDAR WEEKLY
દર મંગળવારે પંચમહાલ ગુજરાતથી પ્રગટ થતું ગુજરાતી સાપ્તાહિક
સમાચાર, જાહેરાત માટે સંપર્ક: 9824368282, 9925368282,

સાવધાન
જમીન, મકાન, દુકાન, ઓફીસ, અથવા કોઈપણ મિલકતો ખરીદતા અથવા વેચતા પહેલા સરકાર દ્વારા નવા નીતિનિયમો (જંત્રી, ટેક્સ) ની કાયદાકીય જાણકારી તેમજ સલાહ માટે સંપર્ક કરો.
ગુજરાત પહેરેદાર
9925368282, 9824368282,
ઈમેલઃ
gujaratpaheredar@gmail.com









# તંત્રી સ્થાનેથી....

## એનસીપીમાં રહેવું હોય તો અજીતે સુપ્રિયાના તાબેદાર થવું પડશે

મહારાષ્ટ્રમાં નેશનાલિસ્ટ કૉંગ્રેસ પાર્ટી (એનસીપી)ના પ્રમુખપદેથી રાજીનામું આપીને શરદ પવારે કરેલા ડ્રામાની ચર્ચા હજુ પતી નથી ત્યાં પવારે પાછો નવો ધડાકો કરી નાંખ્યો. શરદ પવારે પોતાની પુત્રી અને પવારના ગઢ બારામતીમાંથી લોકસભાનાં સભ્ય સુપ્રિયા સૂળે તથા પોતાના વરસોના વફાદાર પ્રફૂલ્લ પટેલને એનસીપીના કાર્યકારી પ્રમુખ બનાવવવાનું એલાન કરી નાંખ્યું.

શરદ પવાર, પૂર્ણો સંગમા અને તારીક અનવરે સોનિયા ગાંધીના વિદેશી કુળના મુદ્દે કૉંગ્રેસથી અલગ થઈને નેશનાલિસ્ટ કૉંગ્રેસ પાર્ટી (એનસીપી)ની રચના કરી એ વાતને શનિવારે ૨૫ વર્ષ પૂરાં થયાં. આ ૨૫ વર્ષ દરમિયાન નેશનાલિસ્ટ કૉંગ્રેસ પાર્ટી (એનસીપી) પર શરદ પવારનું સંપૂર્ણ આધિપત્ય થઈ ગયું. પૂર્ણો સંગમાએ નવી પાર્ટી બનાવી ને તેમનો દીકરો કોનરાડ સંગમા હવે મુખ્યમંત્રી છે જ્યારે તારીક અનવર તો પાછા કૉંગ્રેસમાં જતા રહ્યા છે.

પવાર, સંગમા અને તારીકે નેશનાલિસ્ટ કૉંગ્રેસ પાર્ટી (એનસીપી)ની સ્થાપના કરી ત્યારે તેને રાષ્ટ્રીય પાર્ટી બનાવવાની વાતો કરેલી. પવારે તો નહેરૂ-ગાંધી ખાનદાનના વંશવાદી રાજકારણ સામે પણ સવાલો ઉઠાવેલા. ૨૫ વર્ષમાં નેશનાલિસ્ટ કૉંગ્રેસ પાર્ટી (એનસીપી) રાષ્ટ્રીય પાર્ટી તો ના બની શકી પણ પવાર જેની ટીકા કરતા હતા એ વંશવાદી પાર્ટી ચોક્કસ બની ગઈ.

હવે પવારે પોતાનાં દીકરી સુપ્રિયા સૂળેને આગળ કરીને તેને સંપૂર્ણપણે વંશવાદી પાર્ટી બનાવવા પર મહોર મારી દીધી છે. જો કે આમ તો એ પહેલેથી નક્કી જ હતું કે, એનસીપીની કમાન પવાર પરિવારના હાથમાં જ રહેશે કેમ કે શરદ પવારના પછી એનસીપીમાં સર્વેસર્વા કોણ બને એ મુદ્દે બે જ નામ રેસમાં હતાં. સુપ્રિયા સૂળે ઉપરાંત તેમના પિતરાઈ ભાઈ અને શરદ પવારના ભત્રીજા અજીત પવાર બે જ લોકો રેસમાં હતાં.

# પિતૃઓને પ્રસન્ન કરવા કરો આ ઉપાય, ઘરમાં આવશે સુખ અને સમૃદ્ધિ



ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

**ધર્મ સંસ્કાર**

ધાર્મિક શાસ્ત્રોમાં પિતૃઓનું વિશેષ સ્થાન છે. એવું માનવામાં આવે છે કે પૂર્વજો પરિવારના સુખ અને શાંતિમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમને પ્રસન્ન કરવા માટે પિતૃપક્ષના પવિત્ર માસમાં શ્રાદ્ધ વિધિ કરવામાં આવે છે. આ સાથે તેમના આશીર્વાદ કાયમ રહે છે. જ્યોતિષ શાસ્ત્રમાં પિતૃઓને પ્રસન્ન કરવાના ઘણા ઉપાયો જણાવવામાં આવ્યા છે, જેના વિશે અમે તમને જણાવવા જઈ રહ્યા છીએ જેથી કરીને તમે તેને અપનાવીને પિતૃ દોષથી મુક્તિ મેળવી શકો છો.

પિતૃ દોષથી કેવી રીતે છુટકારો મેળવવો -

ઘરમાં મૃત વ્યક્તિનું ચિત્ર હંમેશા દક્ષિણ દિશામાં લગાવવું જોઈએ. એટલું જ નહીં મંદિર, બેડરૂમ, ડ્રોઈંગ રૂમ કે રસોડામાં ક્યારેય પણ તેનો ફોટો ન લગાવવો જોઈએ. તેનાથી ઘરના સુખ, શાંતિ અને દાંપત્ય જીવન પર ખરાબ અસર પડે છે. આટલું જ નહીં, પૂર્વજોનો ફોટો એવી જગ્યાએ ન લગાવો કે તમારી નજર હંમેશા તેના પર પડે.

બીજી તરફ પૂર્વજોની દિશા હોવાથી દક્ષિણ દિશામાં દીવો પ્રગટાવવો જોઈએ. આ સિવાય મુખ્ય દરવાજો હંમેશા સાફ રાખવો જોઈએ. તેની સામે કચરો વિખેરવો જોઈએ નહીં, તેનાથી નકારાત્મક ઉર્જા પ્રવેશે છે. પિતૃઓને પ્રસન્ન કરવા માટે મુખ્ય દ્વાર પર જળ અર્પણ કરો.

જો કોઈ ગીતાના તમામ અધ્યાયો વાંચી શકે, તો તે ખૂબ સરસ રહેશે. જો તમે બધા અધ્યાય ન વાંચી શકતા હો, તો પિતૃ મુક્તિ સંબંધિત સાતમો અધ્યાય ચોક્કસપણે વાંચો. તેનાથી પિતૃઓને મોક્ષ મળશે. તમને જણાવી દઈએ કે ગીતામાં અઢાર અધ્યાય છે અને પિતૃપક્ષના 16 દિવસ છે. તેથી જે દિવસે શ્રાદ્ધ કરવામાં આવે તે દિવસે ગીતાના બે અધ્યાયનો પાઠ કરવો જોઈએ.

## જાણવા જેવું

- વિશ્વની સૌથી મોટી મિનારઃ કુતુબમિનાર.
- વિશ્વનો સૌથી વધારે વ્યસ્ત એરપોર્ટઃ શિકાગો ઈન્ટરનેશનલ એરપોર્ટ.
- કમ્પ્યુટરની શોધ કરનારઃ ચાર્લ્સ બેબેજ.
- કમ્પ્યુટર ને હિન્દીમાં શું કહેવાયઃ સંગનક.
- અજંતા ઈલોરાની ગુફાઓ કયા આવેલ છેઃ મહારાષ્ટ્ર.
- આર્ય સમાજના સંસ્થાપક કોણ હતાઃ દયાનંદ સરસ્વતી.
- ભારતમાં સૌથી ઓછી જનસંખ્યા ધરાવતું રાજ્યઃ સિક્કિમ.
- સ્વતંત્ર ભારતના પ્રથમ ગવર્નરઃ લૂઈ માઉન્ટબેટન.
- ભારતનું સૌથી અમીર ગામઃ માધાપર.
- ભારતનું સૌથી મોટું ગામઃ ગહમર.

ગુજરાત પહેરેદાર
Email : gujaratpaheredar@gmail.com
9925368282 / 9824368282

## ઘરેથી કરો આ બિઝનેસની શરૂઆત

# બજારમાં ખૂબ જ માગ: વધારાના રૂપિયા ખર્ચવાની નહીં પડે જરૂર



ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

**બિઝનેસ સ્ટાર્ટ અપ**

આજકાલ બજારમાં બેકરી ઉત્પાદનોની માંગ ઘણી વધારે છે. હવે બેકરીમાં મળતી વસ્તુઓનો દરેક ઘરમાં ઉપયોગ થઈ રહ્યો છે. પરંતુ ઘણા લોકો ઘરની બેકરીમાં બનેલી વસ્તુઓ જ ખરીદે છે. કારણ કે ઈન્ડસ્ટ્રિયલ લેવલ બનતી વસ્તુઓમાં ગુણવત્તા અને સ્વચ્છતાનું ધ્યાન રાખવામાં આવતું નથી. આવી સ્થિતિમાં, જો તમે નવો બિઝનેસ શરૂ કરવા માગો છો, તો તમે તમારા ઘરેથી બેકરી બિઝનેસ શરૂ કરી શકો છો.

હકીકતમાં હાલમાં હોમ બેઝ્ડ બેકરી એક ટ્રેન્ડ તરીકે ઉભરી રહી છે. ઘણા લોકો આ બિઝનેસ દ્વારા ઘણી કમાણી કરી રહ્યા છે. ઘરે બનતી વસ્તુઓ માટે, લોકો બજારમાં મળતી નિયમિત વસ્તુઓ કરતાં વધુ રૂપિયા ચૂકવવા માટે સરળતાથી તૈયાર થઈ જાય છે. ચાલો તમને જણાવીએ કે, તમે આ બિઝનેસ કેવી રીતે શરૂ કરી શકો છો.

કેવી રીતે બિઝનેસની શરૂઆત કરવી ?

તમે કેટલીક મૂળભૂત વસ્તુઓ બનાવીને ઘરે બેઠા બેકરીનો વ્યવસાય શરૂ કરી શકો છો. તમે તમારી બનાવેલી વસ્તુઓ નજીકમાં રહેતા લોકોને અને કોઈપણ બેકરી આઉટલેટને વેચી શકો છો. ધીમે ધીમે જ્યારે તમારા આ બિઝનેસ વિશે વધુ લોકો જાણશે, ત્યારે તમારી બેકરી ઉત્પાદનોની માગ વધવા લાગશે. પછી તમારી વસ્તુઓમાં વેરાયટી લાવવાની સાથે, તમે તમારા માટે એક સહાયક પણ રાખી શકો છો જે તમને આ કામમાં મદદ કરી શકે.

આવી રીતે મળવા લાગશે વધારે ઓર્ડર

તમે સોશિયલ મીડિયા દ્વારા તમારા હોમ બેકરી બિઝનેસને પ્રમોટ કરી શકો છો. તે જ સમયે, તમે જે લોકોને મળો છો તેમને તમે તેનું વિઝિટિંગ કાર્ડ આપી શકો છો. તેની સાથે, તમને તમારી વસાહત અને આસપાસના વિસ્તારોમાં જન્મદિવસ, લગ્નની વર્ષગાંઠ અથવા કોઈપણ વસ્તુના ઉદ્ઘાટન અને તહેવારો વગેરે જેવા કોઈપણ પ્રસંગો પર વધુ ઓર્ડર મળવાનું શરૂ થશે. તમારા બિઝનેસને બાકીના કરતા અલગ બનાવવા માટે તમે કેક વગેરે સાથે કેટલાક નવા પ્રયોગો કરી શકો છો.

હોમ બેકરી બિઝનેસમાં કમાણી

આ બિઝનેસની શરૂઆત તમે ઘરમાં ઉપયોગ થતા વાસણો, ઓવન વગેરેની સાથે કરી શકો છો. પછી જેમ જેમ વેચાણ અને માગ વધે તેમ તમે એક પછી એક જરૂરી વસ્તુઓ ખરીદી શકો છો. આ રીતે, તમારે આ બિઝનેસમાં કોઈ અલગથી રૂપિયા રોકાણ કરવાની જરૂર રહેશે નહીં. બીજી બાજુ, જો આપણે આ બિઝનેસમાંથી કમાણી વિશે વાત કરીએ, તો આ બિઝનેસ એક ઓછા ખર્ચમાં વધુ નફો આપતો બિઝનેસ છે. આ બિઝનેસ દ્વારા તમે ઘરે બેસીને ઘરના કામકાજ કરીને સરળતાથી 35-40 હજાર રૂપિયા કમાઈ શકો છો.

# ATMમાંથી એક દિવસમાં કેશ ઉપાડવાની શું છે લિમિટ? ચેક કરો રૂપે ડેબિટ કાર્ડના નિયમ



ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

**બિઝનેસ**

ડિજિટલ બેન્કિંગના યુગમાં મોટા ભાગનું કામ ઓનલાઈન થાય છે. જો કે, અનેક પ્રકારની જરૂરિયાતો માટે રોકડની જરૂર પડે છે. આવી સ્થિતિમાં એટીએમમાંથી રૂપિયા ઉપાડવા પડે છે. પરંતુ શું તમે જાણો છો કે તમે એક દિવસમાં ATM મશીનમાંથી કેટલા રૂપિયા ઉપાડી શકો છો? આ અંગે વિવિધ બેંકો/ કાર્ડના અલગ-અલગ નિયમો છે. અહીં અમે તમને દેશની કેટલીક ટોચની બેંકોના દૈનિક રોકડ ઉપાડના નિયમો જણાવી રહ્યા છીએ.

કેશ વિડ્રોલ અને પર્ચેઝ ટ્રાન્જેક્શન માટે તમારા રૂપે કાર્ડ (RuPay Card) ની મર્યાદા બેંક પર આધારિત હોય છે. આ ઉપરાંત, બેંકો એટીએમ અને પીઓએસ મશીન ટ્રાન્જેક્શન માટે ડેલી લિમિટ પણ નક્કી કરે છે. આ કાર્ડના પ્રકારના આધારે બદલાઈ શકે છે. RuPay ડેબિટ કાર્ડ માટેની વાર્ષિક સબ્સ્ક્રિપ્શન ફી બેંકો પર આધારિત હોય છે.

RuPay Debit Card નિમ્નલિખિત વેરિઅન્ટમાં ઉપલબ્ધ હોય છે

સરકારી યોજનાઓ, ક્લાસિક, પ્લેટિનમ, સિલેક્ટ

ચાલો જાણીએ બેંકોની વેબસાઈટ મુજબ, કાર્ડની ડેલી કેશ અને ટ્રાન્જેક્શન પર એક નજર કરીએ

SBI Rupay Card Limit -

ડોમેસ્ટિક એટીએમ પર એસબીઆઈની ન્યૂનતમ ટ્રાન્ઝેક્શન લિમિટ 100 રૂપિયા અને મહત્તમ ટ્રાન્ઝેક્શન લિમિટ 40 હજાર રૂપિયા હોય છે. દૈનિક ઓનલાઈન ટ્રાન્ઝેક્શનની મહત્તમ મર્યાદા 75 હજાર રૂપિયા છે.

HDFC Bank Rupay Premium Limit

ડોમેસ્ટીક એટીએમ ઉપાડની દૈનિક મર્યાદા 25,000 રૂપિયા નક્કી કરવામાં આવી છે. દૈનિક ડોમેસ્ટિક શોપિંગની મર્યાદા 2.75 લાખ રૂપિયા છે. એચડીએફસી બેંકના ડેબિટ કાર્ડ પર દરરોજની મહત્તમ ઉપલી મર્યાદા 2000 રૂપિયા સાથે મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ્સ (POS) પર કેશ વિડ્રોલની સુવિધા મેળવી શકાય છે. POS દ્વારા દર મહિને વધુમાં વધુ 10,000 રૂપિયા રોકડ ઉપાડી શકાય છે.

PNB Select Rupay Card Limit

PNB Rupay NCMC પ્લેટિનમ ડેબિટ કાર્ડ પર દરરોજની ATM મર્યાદા 1 લાખ રૂપિયા છે અને POS/Ecom કમ્બાઈન્ડ લિમિટ 3 લાખ રૂપિયા પ્રતિ દિવસ છે.

PNB એ લમહત્તમ રોકડ ઉપાડ મર્યાદા નક્કી કરી છે. બેંકે પીએનબી એટીએમ (PNB ATM) પર 15 હજાર રૂપિયા અને અન્ય બેંકના ATM પર 10,000 રૂપિયા નક્કી કર્યા છે.

Yes Bank Rupay Platinum card

યસ બેંકની ડેલી કેશ વિડ્રોલ લિમિટ 25 હજાર રૂપિયા અને POS પર દૈનિક ખરીદીની મર્યાદા 25 હજાર રૂપિયા નક્કી કરવામાં આવી છે. સેલેરીડ ગ્રાહકો માટે ATM અને POS પર ટ્રાન્ઝેક્શનની લિમિટ 75 હજાર રૂપિયા છે.

# વાસ્તુ ટિપ્સ: શું તમારા પર ઉધાર લીધેલા પૈસાનો બોજ છે? જાણો ક્યા ઉપાયો છે દેવાથી છુટકારો મેળવવાના



ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

**વાસ્તુશાસ્ત્ર/જ્યોતિષ**

આજે વાસ્તુશાસ્ત્રમાં આપણે દેવાથી બચવાના ઉપાય વિશે જણાવીશું. કેટલીક મજબૂરીના કારણે ઘણી વખત લોન લેવી પડે છે. આપણે લોન લઈએ છીએ પરંતુ તેને ચૂકવવામાં અસમર્થ છીએ. તમે ગમે તેટલી કોશિશ કરો, કંઈક ને કંઈક ચૂકવવાનું બાકી રહી જાય છે, તેથી આજે અમે તમને દેવાના બોજથી કેવી રીતે બચી શકાય તે વિશે જણાવી રહ્યા છીએ. આજના વાસ્તુશાસ્ત્રમાં જાણો દેવાથી મુક્તિ મેળવવાના ઉપાયો.

હપ્તા ચૂકવવા માટે મંગળવાર પસંદ કરો -

લોનના હપ્તા ચૂકવવા માટે હંમેશા મંગળવાર પસંદ કરવો જોઈએ. આ દિવસે કોઈનું ધન પાછું આપવાથી ઋણ ઝડપથી ચૂકવાઈ જાય છે. વાસ્તુ અનુસાર ઘરના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં બનેલો વૉશરૂમ પણ વ્યક્તિ પર દેવાનો બોજ વધારી શકે છે, તેથી ઘરની આ દિશામાં બનેલો વૉશરૂમ ન કરાવો.

વાસ્તુશાસ્ત્ર અનુસાર, ઘર અથવા દુકાનની ઉત્તર-પૂર્વ દિશામાં કાચ લગાવવો દેવુંમાંથી મુક્તિ મેળવવા માટે સારું માનવામાં આવે છે, પરંતુ કાચની ફ્રેમ લાલ, સિંદૂર અથવા મરૂન રંગની ન હોવી જોઈએ. ઉપરાંત, ગ્લાસ જેટલો હળવો અને મોટો હશે, તે તમારા માટે વધુ ફાયદાકારક રહેશે.

# અન્ડરએક્ટિવ થાઈરોઈડ હોમિયોપેથી અભિગમ




**હેલ્થ અને ફિટનેસ**

ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

આધુનિક સમયમાં સૌથી ઝડપથી વિકસતા વિકારોમાંનું એક છે થાઈરોઈડનીખામી.

1. હાયપોથાઈરોડિઝમ:

અન્ડરએટિવ થાઈરોઈડ એ થાઈરોઈડ ગ્રંથિની પ્રવૃત્તિ હેઠળ સૂચવે છે, જેમાં થાઈરોઈડ ગ્રંથિ પૂરતા પ્રમાણમાં T3 અને T4 હોર્મોન્સનો સ્ત્રાવ કરતી નથી.

હાઈપોથાઈરોઈડિઝમના સંભવિત લક્ષણો: થાક, ન સમજાય તેવું વજન વધવું, ધીમી ગતિ, સ્નાયુ ખેંચાણ, હૃદયના ધીમા ધબકારા (બ્રેડીકાર્ડિયા), ઠંડા તાપમાન પ્રત્યે સંવેદનશીલતા, કબજિયાત, હતાશા, યાદશક્તિ ઓછી થવી.

2. હાઈપરથાઈરોઈડિઝમ: - હાઈપર એટલે ઓવરએટિવિટી. થાઈરોઈડ ગ્રંથિની વધુ પડતી પ્રવૃત્તિને હાઈપરથાઈરોઈડિઝમ કહેવામાં આવે છે. શરીરમાં પરિભ્રમણ કરતા થાઈરોઈડ હોર્મોન્સ પૂરતા કરતા વધુ અથવા વધુ પડતા બને છે અને હાયપરથાઈરોઈડિઝમના લક્ષણોનું કારણ બને છે.

હાઈપરથાઈરોઈડિઝમના સંભવિત લક્ષણો: ઊંઘવામાં મુશ્કેલી (અનિદ્રા), ન સમજાય તેવું વજન ઉતારવું, ધ્રુજારી, હૃદયના ઝડપી ધબકારા (ટાકીકાર્ડિયા) અથવા ધબકારા, ગરમ તાપમાન પ્રત્યે સંવેદનશીલતા, વધુ પડતો પરસેવો, ઝાડા, ચિંતા, ચીડિયાપણું.

થાઈરોઈડ રોગનું નિદાન આના પર આધાર રાખે છે

1. લક્ષણો અને 2. થાઈરોઈડ નોડ્યુલ હાજર છે કે નહીં. 3. મોટાભાગના દર્દીઓનો બ્લડ ટેસ્ટ થશે. થાઈરોઈડ ફંક્શન ટેસ્ટ. (TSH, T3, T4) 4. અન્યને અલ્ટ્રાસાઉન્ડ, બાયોપ્સી અથવા રેડિયોઆયોડિન સ્કેનિંગ અને ગ્રહણ અભ્યાસની જરૂર પડી શકે છે.


**થાઈરોઈડ માટે હોમિયોપેથી શા માટે?**- મૂળભૂત રીતે, તે સમજવું પડશે કે હોમિયોપેથિક સારવારનો હેતુ થાઈરોઈડ ગ્રંથિને ઉત્તેજિત કરીને તેના પોતાના થાઈરોઈડ હોર્મોન્સ ઉત્પન્ન કરવાનો છે. હોર્મોનનો બાહ્ય પુરવઠો એ સારવાર નથી પરંતુ એક વ્યવસ્થા છે. અમે આંતરિક અસંતુલનને સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. જો બધા નહીં તો ઘણા કિસ્સાઓમાં આ શક્ય છે. જો સફળતાપૂર્વક હાંસલ કરવામાં આવે, તો થાઈરોઈડ સપ્લિમેન્ટની આજીવન જરૂરિયાતની જરૂર નહીં પડે. થાઈરોઈડ માટે હોમિયોપેથી સારવાર:- હોમિયોપેથીમાં, અમે આ સમસ્યાની સારવાર ખામીઓ અથવા સરપ્લસને પૂરક બનાવીને નહીં, પરંતુ થાઈરોઈડ ગ્રંથિની કાર્યક્ષમ કામગીરીને ફરીથી સક્રિય કરીને કરવાની દરખાસ્ત કરીએ છીએ. વ્યક્તિગત સારવાર દર્દીની થાઈરોઈડની સ્થિતિ, તેની હદ, કારણ, આનુવંશિક પેટર્ન, ભાવનાત્મક ક્ષેત્ર, હોર્મોનલ અસંતુલન અને અન્ય પરિબળો જે રોગ તરફ દોરી જાય છે અને જાળવી રાખે છે તેના અભ્યાસ પર આધારિત છે. અમે બંધારણીય સારવાર પ્રદાન કરીએ છીએ જે કુદરતી માધ્યમથી થાઈરોઈડ ગ્રંથિના કાર્યને સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે શરીરને થાઈરોઈડ સ્ત્રાવને ફરીથી સક્રિય કરવા માટે ઉત્તેજીત કરશે. અમારી થાઈરોઈડની સારવારથી હાયપો તેમજ હાયપરથાઈરોઈડ કાર્યોને સંતુલિત કરી શકીશું.

**સારવારનો સમયગાળો:** -સારવારની કુલ સમય નીચેના પરિબળોને આધારે કેસ-ટુ-કેસ બદલાય છે:

**અન્ડરએટિવ થાઈરોઈડનો સમયગાળો-** ત્રણ વર્ષના સમયગાળા સુધીના કિસ્સામાં શ્રેષ્ઠ પરિણામો મળે છે. **થાઈરોઈડ સપ્લિમેન્ટ-** જે દર્દીઓ બે વર્ષથી વધુ સમયથી થાઈરોઈડ સપ્લિમેન્ટ પર હોય તેઓ હોમિયોપેથીનો પ્રતિસાદ આપતા નથી.

દર્દીની ઉંમર અમારો અનુભવ એ છે કે 45 વર્ષથી ઓછી ઉંમરના દર્દીઓ વધુ સારો પ્રતિસાદ આપે છે. ચારથી છ મહિનાની અંદર પરિણામો જોવા મળે છે જે નાદ્વારા TSH નું સ્તર ઘટે છે. જે દર્દીઓ થાઈરોઈડ સપ્લિમેન્ટ પર હોય છે તેઓ થાઈરોઈડ હોર્મોનના સ્તર પર નજરરાખીનેસપ્લિમેન્ટનેઘટાડવામાં સમય લઈ શકે છે. અન્ડરએક્ટિવ થાઈરોઈડનીસારવારલાંબાગાળાની છે. અન્ડરએક્ટિવ થાઈરોઈડ માટે કેટલીક સામાન્ય રીતે ઉપયોગમાં લેવામાં આવતી હોમિયોપેથિક દવાઓમાંથાયરોઈડીનમ, કેલકેરીયા કાર્બ, નેટ મયુર, સેપીઆ અને અન્યનો સમાવેશ થાય છે.

# Wrinkle: કરચલીઓ ચહેરા પર વૃદ્ધાવસ્થાની અસર દર્શાવે છે? યુવાન દેખાવાની રીતો જાણો....



ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

**હેલ્થ એન્ડ ફિટનેસ**

આજકાલ લોકો એવી જીવનશૈલી અને બિનઆરોગ્યપ્રદ ખોરાકની આદતો અપનાવવા લાગ્યા છે કે તેની અસર ચહેરા પર પણ જોવા મળે છે...કેટલાક યુવાવયજૂથનાલોકોના ચહેરા પર કરચલીઓ જોવા મળે છે... જેના કારણે ચહેરો વૃદ્ધ દેખાવા લાગે છે... જેના કારણે કોઈ પણ વ્યક્તિને ઓછા આત્મવિશ્વાસનો સામનો કરવો પડી શકે છે, તેથી જરૂરી છે કે આપણે આપણા રોજિંદા જીવનમાં કેટલાક ફેરફારો લાવીએ કે ચહેરાની ત્વચામાં કડક થવાનું શરૂ થયું...

કરચલીઓથી કેવી રીતે છુટકારો મેળવવો?

1. સ્વસ્થ આહાર - સ્વસ્થ આહાર એ સ્વસ્થ ત્વચાની પ્રથમ સ્થિતિ છે... જો તમારું પોષણ યોગ્ય રીતે ન થઈ રહ્યું હોય તો તમારા રોજિંદા આહારમાં લીલા શાકભાજી, તાજા ફળો, દહીં અને સલાડ લેવાનું શરૂ કરો. જો તમે આવો આહાર નિયમિતપણે ખાશો તો ધીમે-ધીમે તમારા ચહેરા પરથી કરચલીઓ દૂર થવા લાગશે.

2. ત્વચાની કાળજી લો - સૌ પ્રથમ, તમારા ચહેરાની ત્વચાને શુષ્ક અને નિર્જીવ થવાથી બચાવવાનો તમારો પ્રયાસ હોવો જોઈએ. આ માટે દિવસમાં બે વાર ચહેરો સાફ કરો અને એવી પ્રોડક્ટ લગાવો જેથી ત્વચાની ભેજ ગાયબ ન થઈ જાય. ચહેરાને હળવા ક્લીંઝરથી જ સાફ કરો. જો બહાર વધુ સૂર્યપ્રકાશ હોય, તો છત્રી અથવા સનસ્ક્રીનનો ઉપયોગ કરો.

3. તણાવથી દુર રહો...- આપણું જીવન તણાવથી ભરેલું હોઈ શકે છે કારણ કે આપણી પાસે નાણાકીય, પારિવારિક અને કામ સંબંધિત સમસ્યાઓની કોઈ કમી નથી. તણાવને કારણે, કોર્ટિસોલ હોર્મોન શરીરમાં વધુ પ્રમાણમાં ઉત્પન્ન થાય છે, આ હોર્મોન કોલેજનને તોડવાનું શરૂ કરે છે, જે ત્વચા માટે સારું નથી કારણ કે કોલેજન આપણી ત્વચાને ચમકદાર બનાવવામાં મદદ કરે છે.

4. પૂરતી ઊંઘ લો - મોટાભાગના આરોગ્ય નિષ્ણાતો માને છે કે તંદુરસ્ત પુખ્ત વ્યક્તિએ દિવસમાં ઓછામાં ઓછા 8 કલાક સૂવું જોઈએ, જો તમે ઓછી ઊંઘ લો તો તમારો ચહેરો થાકેલા દેખાશે અને પછી તમારા ચહેરા પર કરચલીઓ દેખાવા લાગશે. કોશિશ કરો કે ટુકડે-ટુકડે ન સૂઈ જાઓ, પરંતુ રાત્રે 8 કલાક સુધી સતત સૂઈ જાઓ. આમ કરવાથી આપણી ત્વચા ઠીક થઈ જશે અને કરચલીઓ ધીરે ધીરે દૂર થઈ જશે.

# સલમાન ખાને દબંગ 4ની સ્ક્રિપ્ટ નકારી કાઢી, જાણો કોને મળશે નવા ચુલબુલ પાંડેનો રોલ



ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

**મનોરંજન**

બોલિવૂડમાં સલમાન ખાનને દબંગ ખાનના નામથી બોલાવવામાં આવે છે. તેને આ નામ તેની ફિલ્મ દબંગથી મળ્યું છે. આ ફિલ્મમાં ચુલબુલ પાંડેના પાત્રમાં સલમાન ખાનની દાદાગીરી લોકોને પસંદ પડી હતી.દબંગના ત્રણેય ભાગમાં સલમાનખાને ચુલબુલ પાંડેના પાત્રને આગ લગાવી હતી. જે બાદ તેના ચાહકો તેના દબંગ 4ની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. ત્યારે ફિલ્મ વિશે એવા સમાચાર આવ્યા છે.. જેના કારણે તેના ચાહકો નિરાશ થઈ શકે છે. સમાચાર અનુસાર, સલમાને દબંગ 4ની સ્ક્રિપ્ટને નકારી કાઢી છે.

દિગ્દર્શકની સ્ક્રિપ્ટ રિજેક્ટ કરી

તમને જણાવી દઈએ કે આ પહેલા સમાચાર સામે આવ્યા હતા કે ફિલ્મના રાઈટર તિગ્માંશુ સ્ક્રિપ્ટ લખી રહ્યા છે...ત્યારબાદ લોકોમાં ફિલ્મને લઈને ઉત્સુકતા થવા લાગી. હવે સમાચાર આવ્યા છે કે સલમાને ફિલ્મની સ્ક્રિપ્ટ પર કામ કરવાની ના પાડી દીધી છે. વાસ્તવમાં દબંગ ખાને તિગ્માંશુને ચુલબુલ પાંડેના પાત્રને અલગ રીતે બતાવવાની સૂચના આપી હતી. પરંતુ સલમાન તિગ્માંશુની સ્ક્રિપ્ટથી બિલકુલ સંતુષ્ટ નથી. રિપોર્ટ્સ અનુસાર, "સલમાનને તિગ્માંશુએ આપેલી સ્ક્રિપ્ટ પસંદ નથી આવી." તિગ્માંશુ 4નું નિર્દેશન કરશે કે નહીં તે આ વખતે હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. તમને જણાવી દઈએ કે સલમાન ખાન પોતાની ફિલ્મોને લઈને પહેલા કરતા વધુ સભાન થઈ ગયો છે. તેની અગાઉની ફિલ્મ કિસી કા ભાઈ કિસી કી જાન કા બોક્સ ઓફિસ પર જાદુ ચલાવી શકી ન હતી. જે બાદ અભિનેતા સમજી ગયો છે કે ફિલ્મની વાર્તા ખૂબ મહત્વની છે.

# રાજ્યભરમાં 2500થી વધુ ડૉક્ટરો અને તબીબી દ્વારા 55 હજારથી વધુ પોલીસ જવાનોને (CPR)ની તાલીમ અપાશે



ન્યૂઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

અમદાવાદઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલ ખાતેથી પોલીસકર્મચારીઓ માટેની એક દિવસીયરાજ્યવ્યાપીCPRટ્રેનિંગનો પ્રારંભ કરાવ્યો હતો.

રાજ્યભરમાં પોલીસ જવાનો પણ કાર્ડિયાક ઈમરજન્સીની સ્થિતિમાં લોકોને મદદરૂપ થાય તેવા ઉમદા આશયથી સોલા સિવિલ ખાતે ઈન્ડીયન સોસાયટી ઓફ એનેસ્થેસિયોલોજીસ્ટના સહયોગથી ગુજરાત પોલીસ દ્વારા આ CPR ટ્રેનિંગ આયોજિત કરવામાં આવી હતી.આ CPR તાલીમ શુભારંભ પ્રસંગેમુખ્યમંત્રીભૂપેન્દ્રપટેલેજણાવ્યું હતું કે, માનનીય વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના કુશળ નેતૃત્વમાં કેન્દ્ર સરકારે સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના નવ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. વડાપ્રધાનએ હંમેશા ગરીબ અને છેવાડાના માનવીને કેન્દ્રસ્થાને રાખીને કેવી રીતે સેવા અને સુશાસન સ્થાપી શકાય તે માટે માર્ગદર્શન પૂરું પાડ્યું છે. વધુમાં વાત કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય સ્વાસ્થ્ય અને સુરક્ષા ક્ષેત્રે અવિરત પ્રગતિ કરી રહ્યું છે, જેમાં રાજ્યના સુરક્ષાકર્મીઓનો મહત્વનો ફાળો રહ્યો છે. રાજ્યના પોલીસ કર્મીઓએ કોરોનાકાળમાં અનેક સ્થળોએ સ્વૈચ્છિક સેવાઓ પૂરું પાડીને માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. જાહેર સ્થળોએ, જાહેર કાર્યક્રમોમાં, દરેક ક્ષેત્રે પોલીસ કર્મીઓ પોતાની ફરજ ઉપરાંત પણ ઉત્સાહપૂર્વક સેવાઓ પૂરી પાડતા હોય છે. તેથી રાજ્યભરમાં 37 મેડિકલ કોલેજો અને 14 અન્ય સ્થળોએ મળીને કુલ 51 સ્થળોએ 2500થી વધુ ડૉક્ટરો અને તબીબી વ્યવસાયિકો દ્વારા 55 હજારથી વધુ પોલીસ જવાનોને કાર્ડિયો પલ્મનરી રિસસિટેશન(CPR)ની તાલીમ આપવામાંઆવશે.

આ CPR તાલીમ શુભારંભ પ્રસંગે નાયબ દંડક જગદીશભાઈ મકવાણા, રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય, નરોડાના ધારાસભ્ય ડો.પાયલ કુકરાણી, ઈન્ચાર્જ પોલીસ કમિશ્નર પ્રેમવિર સિંહ, પૂર્વ મંત્રી રજની પટેલ, પ્રદેશ ડોકટર સેલના સંયોજક ડો. ધર્મેન્દ્ર ગજ્જર, AMC ના સ્ટે.કમિટી ચેરમેન શ્રી હિતેશ બારોટ, અંગદાન જાગૃતિના કાર્ય સાથે સંકળાયેલા દિલીપ દેશમુખ સહિત મોટી સંખ્યામાં પોલીસ જવાનો અને પોલીસ વિભાગના કર્મચારીઓ, અધિકારીઓ તથા ડોક્ટર્સ અને આરોગ્ય શાખા સાથે સંકળાયેલા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પંચમહાલના કાલોલ તાલુકામાં બાળમજુરી કરાવતા હોટેલમાં ટાસ્ક ફોર્સ દ્વારા રેડ

રિપોર્ટરઃ **મહેશભાઇ સુંદરાની- ગુજરાત પહેરેદાર**, ગોધરા

ગોધરા, પંચમહાલ જીલ્લામાં બાળ શ્રમયોગી પ્રથા નાબુદી માટે જિલ્લા ટાસ્કફોર્સ કમિટીની રચના કરવામાં આવેલ છે. આ કમિટી દ્વારા તા.૧૨-૦૬-૨૦૨૩ના રોજ ગોધરા અને કાલોલ ખાતે ટાસ્કફોર્સ રેડ કરવામાં આવી હતી અને ૦૭ તરૂણ શ્રમિક મળતા સંસ્થા સામે કાર્યવાહી શરૂ કરાઈ હતી. કાલોલ ખાતે રેડ કરતાં સંસ્થા હોટેલ સહયોગ મુ. ચિમનાપુરા, હાલોલ ગોધરા હાઈ-વે તા. કાલોલ જિ. પંચમહાલ ખાતે ૭ તરૂણ શ્રમિક પાસે કામ કરાવવામાં આવતું હતું. જેની ટાસ્કફોર્સ સમિતિના સભ્યો દ્વારા પ્રાથમિક પુછપરછ દરમ્યાન તરૂણ શ્રમિક હોવાનું જણાઈ આવેલ હોઈ તરૂણ શ્રમિકોને કામે રાખનાર સંસ્થા અને તરૂણ શ્રમિકનું નિવેદનો લઈને નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરાઈ છે.

આ સમગ્ર કામગીરીમાં પંચમહાલ જિલ્લાના સરકારી શ્રમ અધિકારીશ્રી જે.જી.ગઢવી, એસ.ડી.યાદવ, આસીસ્ટન્ટ ડાયરેકટર, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી ગોધરા, શ્રી એ.આર.વાળંદ, જિલ્લા બાળ સુરક્ષા એકમ ગોધરા, શ્રી પુષ્પેન્દ્ર કુમાર તથા સમાજ સુરક્ષા કચેરીના અધિકારીઓ જોડાયા હતા. જ્યારે સંસ્થા હોટેલ સહયોગના માલિક વિરૂધ્ધ નિયમોનુસાર બાળ અને તરૂણ શ્રમ ( પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ - ૧૯૮૬ હેઠળ ફોજદારી કેસો કાર્યવાહી કરવામાં આવનાર છે તેમ મદદનીશ શ્રમ આયુક્તશ્રી, ગોધરાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# વડોદરામાં પ્રથમ દિવસે 6687 બાળકોએ શાળામાં પ્રવેશ મેળવ્યો

## છોકરાઓ કરતાં છોકરીઓએ વધુ સંખ્યામાં પ્રવેશ મેળવ્યો


ન્યૂઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

સમગ્ર રાજયમાં આજથી બે દિવસ સુધી શાળા પ્રવેશોત્સવની ઊજવણીની શરૂઆત કરવામાં આવી છે. શાળા પ્રવેશોત્સવ અંતર્ગત આંગણવાડી, બાલવાટિકા અને પ્રથમ ધોરણમાં નામાંકીત થતાં બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. 20માં શાળા પ્રવેશોત્સવ હેઠળ પ્રથમ દિવસે જ વડોદરા શહેર તથા જિલ્લામાં 6687 બાળકોને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. પ્રવેશ મેળવી રહેલ વિદ્યાર્થીઓમાં દીકરીઓના પ્રવેશની સંખ્યા દીકરાઓ કરતાં પણ વધારે જોવા મળી રહી છે.

શાળા પ્રવેશોત્સવ અંતર્ગત વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવા તેમજ તેમના ઉત્સાહમાં વધારો કરવાના ઉદ્દેશથી વડોદરાની દરેક શાળાઓમાં વિશેષ મહેમાનોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. જેમાં સાવલી તાલુકાની પિલોલ, ઈન્દ્રાલ અને ખોખર પ્રાથમિક શાળામાં સાંસદ રંજનબેન ભટ્ટ, વડોદરાના પોર , કાજપુરા અને ઊંટીયા પ્રાથમિક શાળામાં જિલ્લા પંચાયત પ્રમુખ અશોક પટેલ, કરજણ તાલુકાની બામણગામ, કુરાલી અને વેમાર પ્રથામિક શાળામાં કરજણ ધારાસભ્ય અક્ષય પટેલ, ડેસર તાલુકાની જાંબુ ગોરાલ અને બારીયાના મુવાડાની બે પ્રાથમિક શાળામાં સાવલી ધારાસભ્ય કેતન ઈનામદાર, વડોદરાના દામાપુરા, રૂપાપુરા અને નંદેસરી પ્રાથમિક શાળામાં વાઘોડિયા ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ડભોઈતાલુકાની ભયાપુરા, માવલી અને વનાદરા પ્રાથમિક શાળામાં ડભોઈ ધારાસભ્ય શૈલેષ મહેતાની ઉપસ્થિતિમાં બાળકોને શાળામાં પ્રવેશ અપાયો હતો.

# ‘બડાઈ ના હાંકો, ચીનનો સામનો કરો’, મલ્લિકાર્જુન ખડગેએ PM મોદીને આપી સલાહ?


ન્યૂઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ઉત્તરાખંડમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પાસે ચીનના વધી રહેલા બાંધકામ માટે મોદી સરકારની ટીકા કરી છે. તેમણે કહ્યું છે કે ચીન સામે એકજૂથ થઈને અને વ્યૂહાત્મક રીતે લડવું જોઈએ.

મલ્લિકાર્જુન ખડગેએ ઉત્તરાખંડમાં LAC ને અડીને આવેલા વિસ્તારોની તસવીર શેર કરી છે. તેમનો દાવો છે કે ચીન આ વિસ્તારોમાં બાંધકામ કરી રહ્યું છે. આ બાંધકામની કથિત સેટેલાઈટ તસવીર શેર કરીને તેમણે મોદી સરકારને ઘેરી છે.

મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, ‘વડાપ્રધાન મોદી દ્વારા ચીનને ક્લીનચીટ આપવાને કારણે દેશને ભારે કિંમત ચૂકવવી પડી રહી છે. હવે ઉત્તરાખંડમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર ચીનના નિર્માણ કાર્ય દ્વારા આપણી પ્રાદેશિક અખંડિતતા પર અતિક્રમણ કરવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન મોદીએ ચીનને ક્લીનચીટ આપી છે તેની દેશ આકરી કિંમત ચૂકવી રહ્યો છે. ચીન સાથે વ્યૂહાત્મક રીતે લડવું જોઈએ, બડાઈ કરીને નહીં.’ પૂર્વ લદ્દાખમાં સરહદ પર સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી ચીન સાથેના સંબંધોને સામાન્ય બનાવવાની વાતોને પાયાવિહોણી ગણાવતા ભારતે ગુરુવારે કહ્યું હતું કે સરહદી વિસ્તારોમાં શાંતિ અને સુલેહ-શાંતિ હોય તો જ બીજિંગ સાથેના સંબંધો આગળ વધી શકે છે.

# ખાનપુરમાં રાજ્યમંત્રી બચુભાઈ ખાબડે બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો

## મોરવા હડફના સાલીઆથી કલેક્ટર આશિષ કુમારે, જિલ્લા પંચાયત પ્રમુખે વેજલપુર ખાતેથી બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો

**ગુજરાત પહેરેદાર**

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-2023નો શુભારંભ થયો છે. આ શ્રેણીમાં પંચમહાલ જિલ્લામાં 152 રૂટો પર વિવિધ મહાનુભાવો દ્વારા આંગણવાડી,બાલવાટિકા-શાળાના ભૂલકાઓને શાળામાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. જેમાં બાળકોને તિલક કરી શૈક્ષણિક કીટ આપીને શાળા પ્રવેશ કરાવ્યો હતો.

પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાની ખાનપુર પ્રાથમિક શાળા ખાતેથી પંચાયત અને કૃષિ રાજ્યમંત્રી બચુભાઈ ખાબડના અધ્યક્ષસ્થાને બાલવાટિકામાં 34 અને ધોરણ 1માં 12 ભૂલકાઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. મંત્રી અને મહાનુભાવોના વરદ હસ્તે બાળકોને કીટ આપી ઉત્સાહ સાથે આવકારવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને પ્રાર્થના થકી કરાઈ હતી.

શહેરા તાલુકાની નવી પાદરડી પ્રાથમિક શાળા ખાતે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. શાળા પરિવાર વતી આચાર્ય બળવંતસિંહ પગી દ્વારા ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરાયુ હતું.

પંચમહાલ જિલ્લામાં 152 રૂટો પર વિવિધ મહાનુભાવો દ્વારા આંગણવાડી, બાળવાટિકા અને શાળાના ભૂલકાઓને શાળામાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. જિલ્લાના કાલોલ તાલુકાના વેજલપુર પ્રાથમિક શાળા ખાતેથી પંચમહાલ જિલ્લા પંચાયતના પ્રમુખ કામિનીબેન સોલંકીના અધ્યક્ષસ્થાને આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ 1માં કુલ 22 બાળકોને શાળામાં પ્રવેશ અપાયો હતો.

# ભારે પવનથી વૃક્ષ ઉખડ્યા, વીજતાર અથડતાં આગ લાગતાં રોડ પર પાર્ક કરેલી પાંચ કાર બળીને ખાખ

બરવાળાના સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરમાં તા. 11 જૂનના બપોરના ભારે પવનના લીધે વીજળીના તાર અથડાતા તેમાંથી તિખારા જમીન ઉપર કચરામાં પડતા કચરામાં આગ લાગી હતી. આ આગ રોડની બંને સાઈડની વાડમાં લાગતા આગે એટલું મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું કે તેની બાજુમાં રોડ ઉપર દર્શન કરવા માટે આવેલા યાત્રીકોએ પાર્ક કરેલી 5 કારમાં આગ લાગી ગઈ હતી. બીજી તરફ ભારે પવનને કારણે વૃક્ષો ધરાશાયી થવાની ઘટના પણ લોકોએ કેમેરામાં કેદ કરી હતી.સાળંગપુરમાં પાર્કિંગ પણ નાનું પડતું હોવાથી દર્શનાર્થીઓ પોતાની કારો રોડની બંને બાજુએ પાર્કિંગ કરી દર્શન કરવા ગયા હતા.

# પાદરમાં મંદિરે દર્શન કરીને ઘરે જતા વૃધ્ધાને ગાયે ભેટીએ ચઢાવતા મોત


ન્યૂઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

વડોદરાના પાદરામાં દર્શન કરીને પરત ફરી રહેલા એક વૃધ્ધાને ગાયે ભેટીએ ચઢાવતા મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. આ બનાવમાં ઈજાગ્રસ્ત વૃધ્ધાને સયાજી હોસ્પિટલમાં યોગ્ય સારવાર આપવાના બદલે ડિસ્ચાર્જ કરી દેવામાં આવતા વૃધ્ધાનું આજે વહેલી સવારે પોતાના ઘરમાં મોત નીપજ્યું હોવાનો આક્ષેપ નગરપાલિકાના સભ્યએ કર્યો હતો. આ બનાવે નગરમાં ચકચાર જગાવી મૂકી છે.

પાદરામાં રાણા વાસમાં રહેતા ૭૦ વર્ષીય ધૂળીબેન ચુનીલાલ રાણા રવિવારે સવારે 11 વાગ્યાના કુમારે પોતાના ઘર પાસે આવેલા ભાથુજીના મંદિરમાં દર્શન કરીને ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન ઓધવભૂલાની ખડકી અને રાણાવાસ વચ્ચે બેસી રહેતી ગાયોના ટોળા પૈકી એક ગાયે વૃધ્ધ ધૂળીબેન રાણાને ભેટીએ ચઢાવ્યા હતા. ગાયે ભેટી ચઢાવતાની સાથે જ ધૂળીબેન રસ્તા ઉપર પટકાયા હતા. જેમાં તેઓને નાક, હાથ અને પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ ઘટના બનતા સ્થાનિક લોકો દોડી આવ્યા હતા. જેમાં પાદરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને વર્તમાન સભ્ય રાજુભાઈ રાણા પણ દોડી ગયા હતા અને ઈજાગ્રસ્તને પાદરા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ ગયા હતા. જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે વડોદરા શહેર હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. સયાજી હોસ્પિટલમાં તેઓને મોડી સાંજે રજા આપી દેવામાં આવી હતી. દરમિયાન આજે સવારે ધૂળીબેનનુ પોતાના ઘરમાં મોત નીપજ્યું હતું.

# જવાહરનગર પોલીસે દલિત પરિવારને હેરાન કરનાર 3 સામે ફરિયાદ નોંધી

વડોદરામાં યોજાયેલા કોંગ્રેસના જનમંચમાં વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીની પોલીસ કમિશનરની કચેરી ખાતે ધરણા કરવાની ચીમકી બાદ દલિત પરિવારને હેરાન કરનારા 3 આરોપી સામે જવાહરનગર પોલીસે ફરિયાદ નોંધી છે. પોલીસે ફરિયાદ નોંધતા કોંગ્રેસે ધરણાનો કાર્યક્રમ રદ કરી દીધો છે.

મારા દિકરા મિતેશ સાથે કંઈક ઝઘડો થયો હોવાનું જણાતા મેં મારા દિકપા મિતેશના મિત્ર દેવરાજ બારોટને ફોટ કર્યો હતો. જેથી તે અમારા ઘરે આવ્યો હતો અને મેં મિતેષને ફોન કરતા મિતેશે જણાવ્યું હતું કે, હું નાસ્તાનો સામન લેવા માટે ખોડીયાર કાઠીયાવવાડી હોટલ પાસે આવેલ પાનના ગલ્લા પર ગયેલો, ત્યારે મારી સાથે જય પટેલ અને જલા પટેલના સાળાએ મારી સાથે બોલાચાલી કરીને ઝઘડો કર્યો હતો. હું ત્યાંથી નીકળીને વેરાઈ માતાના મંદિર પાસે બેઠો હતો. તે સમયે મારીી પાછળ જય પટેલ અને જલા પટેલ અને તેનો સાળો આીને મારી સાથે મારામારી કરીને ઝઘડો કરવા લાગ્યા હતા. આ સમયે જય પટેલ મને જાતિ વિષયક અપશબ્દો બોલીને મને ગંદી ગાળો બોલ્યો હતો. આ મામલે જય પટેલ ઉર્ફે ડોન્કી, જલા પટેલ અને તેના સાળા સામે જવાહરનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

# રામલીલા મેદાનથી બોલ્યા કેજરીવાલ: પહેલીવાર આવા વડાપ્રધાન આવ્યા છે જે સુપ્રીમ કોર્ટને નથી માનતા


ન્યૂઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

નવી દિલ્હીઃ દિલ્હીમાં અધિકારીઓની પોસ્ટિંગ અને ટ્રાન્સફર વિરુદ્ધ આમ આદમી પાર્ટી (AAP) એ રવિવારે રામલીલા મેદાનમાં એક વિશાળ રેલીનું આયોજન કર્યું. પાર્ટીએ આ રેલીના બહાને શક્તિ પ્રદર્શનનો પ્રયાસ કર્યો. આ રેલીનો સૌથી મહત્વનો મુદ્દો એ હતો જ્યારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા કપિલ સિબ્બલ પણ AAPના મંચ પર પહોંચ્યા. AAPના આ મંચ પરથી કપિલ સિબ્બલે પણ ભાજપ અને મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે ભાજપ દરેક વસ્તુ પર સંપૂર્ણ નિયંત્રણ રાખવા માંગે છે. અરવિંદ કેજરીવાલે આ અવસર પર કહ્યું કે પહેલીવાર આવા વડાપ્રધાન આવ્યા છે જે સુપ્રીમ કોર્ટને માનતા નથી.

કેન્દ્ર સરકાર દિલ્હીમાં ટ્રાન્સફર-પોસ્ટિંગના મુદ્દાને પલટાવવા માટે વટહુકમ લાવી છે. આ વટહુકમ અનુસાર હવે ટ્રાન્સફર અને પોસ્ટિંગનો અધિકાર એક સમિતિ પાસે છે, પરંતુ અંતિમ નિર્ણય લેફ્ટનન્ટ ગવર્નર લેશે. આવી સ્થિતિમાં AAP તેનો વિરોધ કરી રહી છે. AAPના વડા અરવિંદ કેજરીવાલે રાજ્યસભામાં આ વટહુકમને રોકવા માટે નીતીશ કુમાર, તેજસ્વી યાદવ, મમતા બેનર્જી, અખિલેશ યાદવ, શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરે જેવા નેતાઓને પણ મળ્યા હતા. જો કે કોંગ્રેસ તેમને સમર્થન આપવા માટે સહમત ન થઈ.

# વડાપ્રધાનની મહત્વકાંક્ષી “નળ સે જલ યોજના” દાહોદ જિલ્લામાં ફારસરૂપ સાબીત થઈ રહી છે



રિપોર્ટરઃ **અક્ષયકુમાર ડી પરમાર - ગુજરાત પહેરેદાર**, દાહોદ

દાહોદઃવડાપ્રધાનનીમહત્વકાંક્ષી યોજના એટલે નળ સે જળ યોજના દાહોદ જિલ્લામાં ફારસરૂપ સાબીત થઈ રહી છે. આ યોજના થકી છેવાડના માણસના ઘર સુધી નળ દ્વારા પાણી પહોંચાડવાની યોજના સરકાર દ્વારા બનાવવામાં આવી છે પરંતુ કોન્ટ્રાક્ટરો દ્વારા આ યોજનાના નામે ખાયકી કરવાનો ઈરાદો ધરાવતો હોય તેમ લાગી રહ્યું છે. સમગ્ર દાહોદ જિલ્લામાં નળ સે જળ યોજના અમલમાં આવી તે વખતે ફતેપુરા તાલુકામાં પણ નળ સે જળ યોજના અમલમાં આવી હતી અને ફતેપુરા તાલુકામાં આ યોજનાની કામગીરી શરૂ કરાતા બારીયાની હાથોડ ગામે પણ કામગીરી શરૂ કરાઈ હતી જેમાં બારીયાની હાથોડ ગામે ડોડીયાર ફળિયામાં નળ સે જળ યોજનાની કામગીરીની શરૂઆત કરવામાં આવી અને ગામમાં ઘરે ઘરે નળ કનેક્શન આપવાની કામગીરી શરૂ કરાઈ હતી. ડોડીયાર ફળિયામાં વિવિધ વિસ્તારોમાં નળ સે જળની પાઈપ લાઈનો નાખીને નળ ઉભા કરી યોજનાના નળ માત્ર શોભાના ગાંઠિયા સમાન ઊભા કરી દેવાયા પરંતુ નળ કનેક્શન જ આપવામાં આવ્યું નથી.

યોજનાના કોન્ટ્રાક્ટર દ્વારા બારીયાની હથોડ ગામે ડોડીયાર ફળિયામાં નળ સે જળ યોજનાની સમગ્ર કામગીરી પૂરી કરી દેવામાં આવી છે અને ઘરે ઘરે નળ દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે તે રીતનું કામ પૂર્ણ થઈ ગયું છે તેમ કહીને આ કામ બાબતના નાણા કોન્ટ્રાક્ટર દ્વારા ઉપાડી લેવામાં આવ્યું હોવાનું ગામના જાગૃત નાગરિક અને ભાજપના વરિષ્ઠ કાર્યકરે આક્ષેપ સાથે રજૂઆત કરી છે.

ત્યારે આ સમગ્ર બાબતની વહીવટીતંત્ર દ્વારા ગંભીર નોંધ લઈને આ ગામ લોકોની સમસ્યા હલ કરવામાં આવે અને નળ સે જળ યોજનાની થયેલી કામગીરીની નિષ્પક્ષ તપાસ કરીને યોગ્ય ન્યાય આપવામાં આવે તેવી ગ્રામજનોએ માંગ કરી છે.

## દાહોદ જિલ્લા કલેક્ટર શ્રી હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં

# કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો


રિપોર્ટરઃ **અક્ષયકુમાર ડી પરમાર - ગુજરાત પહેરેદાર**, દાહોદ

દાહોદઃ રાજ્યભરમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩નો શુભારંભ થયો છે. જે અંતર્ગત જિલ્લા કલેક્ટર શ્રી હર્ષિત ગોસાવીના અધ્યક્ષસ્થાને દેવગઢ બારીયા તાલુકાના મોટી ખજુરી, વાંદર અને જબુસર પ્રાથમિક શાળાઓ ખાતેથી ભૂલકાઓને શાળા પ્રવેશ કરાવ્યો હતો. આ સાથે જ બાળકોને અભ્યાસની કીટ આપી ઉત્સાહ સાથે આવકારવામાં આવ્યા હતા.

જિલ્લા કલેક્ટર શ્રી હર્ષિત ગોસાવીએ જણાવ્યું હતું કે બાળકોને શિક્ષણ ક્ષેત્રે અભિરુચિ કેળવી ભણી ગણી આગળ વધવાની અને શાળાનું નામ રોશન કરવાની પ્રેરણા આપી હતી. શાળા પ્રવેશોત્સવને આનંદના ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે. તેમજ કલેક્ટરશ્રી સહિત અધિકારીશ્રીઓ દ્વારા શાળાનાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરાયા હતા. આ અવસરે દાહોદ પ્રાથમિક શાળાના આચાર્યશ્રીઓ સી.આર.સી. કો.ઓડીનેટર ગામના સરપંચશ્રીઓ ગામના આગેવાનો ગામજનો વાલીઓ તેમજ બાળકો અને સંબધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરાના જરોદ સ્થિત NDRFની વધુ 2 ટીમ જુનાગઢ-જામનગર જવા રવાના

## ગાંધીનગરથી એક ટીમને દેવભૂમિ દ્વારકા મોકલાઈ


ન્યૂઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

અરબી સમુદ્રમાં સર્જાયેલા ચક્રવાત બિપોરજોયને લઈને ગુજરાતના દરિયાકાંઠાના જિલ્લાઓમાં એલર્ટ જાહેર દેવામાં આવ્યું છે, ત્યારે સંભવતઃ ચક્રવાતને લઈને વડોદરાના જરોદ ખાતે આવેલી NDRFની વધુ 2 બટાલિયનને આજે જુનાગઢ અને જામનગર રવાના કરવામાં આવી છે અને ગાંધીનગરથી NDRFની એક ટીમને દેવભૂમિદ્વારકા જવા રવાના કરાઈ છે. વડોદરા સ્થિત જરોદ NDRFની ટીમો હાલ જામનગર, મોરબી, કચ્છ, દેવભૂમીદ્વારકા, દીવ, પોરબંદર, ગીર-સોમનાથ અને વલસાડમાં તૈનાત છે.નોંધનીય છે કે ગાંધીનગરથી NDRF બે ટીમ આ પૂર્વે પણ રવાના કરવામાં આવી છે.

ગુજરાતમાં મંડરાયેલા ચક્રવાત બિપોરજોયને લઈને વડોદરા નજીક આવેલ જરોદ સ્થિત બટાલિયન 6 એલર્ટ થઈ ગઈ હતી અને NDRFને સૂચના મળતા 8 ટીમોને ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં તૈનાત કરી દેવામાં આવી છે. અને હવે વધુ 2 ટીમો રવાના કરવામાં આવી છે. વડોદરાથી બસમાં નીકળેલી ટીમો પાસે સ્નીફર ડોગ, અંધારામાં કામ કરવા માટે બેબી જનરેટરો, રસ્તા ઉપર પડેલા વૃક્ષોને કાપવા માટેના કટરો, રબર બોટ, ટોર્ચ, દોરડું જેવા સાધનો સાથે સજ્જ છે. વડોદરાથી ગયેલી NFRFની પ્રત્યેક ટીમમાં 25 સદસ્યો છે. જે રેસ્ક્યૂ સામગ્રી સાથે સજ્જ થઈ રવાના થયા હતા.

અરબી સમુદ્રમાં સર્જાયેલા ચક્રવાત બિપરજોયને લઈને ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારમાં આવેલા જિલ્લાઓના 22 જેટલા ગામો ઉપર ચક્રવાતનો ખતરો હોવાની શક્યતાઓ છે. જેને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા ચક્રવાતમાં કોઈ જાનહાની ન થાય તે માટે જિલ્લા વહીવટી તંત્રને એલર્ટ કરી દેવામાં આવ્યું છે. ત્યારે વડોદરા નજીક આવેલા જરોદ ખાતેના એન.ડી.આર.એફ.ના હેડ ક્વાર્ટર ખાતે પણ એનડીઆરએફની ટીમને એલર્ટ રહેવા માટે સૂચના આપવામાં આવી હતી. જેના પગલે એનડીઆરએફની ટીમ સજ્જ થઈ ગઈ હતી અને 8 ટીમો દરિયાકાંઠે તૈનાત કરી દેવાય છે અને વધુ 2 ટીમોને આજે રવાના કરી દેવામાં આવી છે.

## રાજકોટમાં "ઉડતા પંજાબ" જેવી હાલત

# વીરપુર પાસેથી એમ.ડી ડ્રગસ સાથે પોલીસે કરી શખ્શની કરી ધરપકડ

રાજકોટમાં "ઉડતા પંજાબ" જેવી હાલતઃ વીરપુર પાસેથી મળી આવ્યો એમ.ડી ડ્રગસ, પોલીસે મુદ્દામાલ કબ્જે કરી શખ્શની ધરપકડ કરી રાજકોટમાં દિવસેને દિવસે ક્રાઈમ રેટ વધતો જઈ રહ્યો છે. ગુનેગારો કાયદા કાનૂન અને પોલીસનો ડર રાખ્યા વગર ગુનાખોરી આચરે છે. રાજકોટમાં હવે ડ્રગ્સ પકડવા જાણે આમ વાત થઈ ગઈ છે. થોડા સમય પહેલા જ રાજકોટના પડધરી પાસેથી ડ્રગ્સ પકડાયા હતા ત્યારે ફરી એક વખત


ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

વીરપુરના વિસ્તારમાંથી ડ્રગ્સ સાથે પોલીસે એક શખ્શની ધરપકડ કરી છે. મળતી માહિતી અનુસાર રાજકોટના વીરપુર પાસેથી જેતપુરના એક શખ્શ પાસેથી ૪૫.૮ ગ્રામ એમ.ડી ડ્રગસનો જથ્થો મળી આવ્યો છે. વીરપુર પોલીસ ટીમ દ્વારા ચેકીંગ ડ્રાઈવ હાથ ધરાઈ હતી ત્યારે મળતી બાતમીના આધારે શંકાસ્પદ શખસનું ચેકીંગ કરતા તેની પાસેથી એમ.ડી નામનું ૪૫.૮ ગ્રામ ડ્રગસ મળી આવ્યું છે. પોલીસે શખ્શ પાસેથી મુદ્દામાલ કબજે કરી પૂછપરછ આદરી છે જેમાં તે વ્યક્તિ મૂળ જેતપુરનો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે મોબાઈલ રોકડ સહિત કુલ ૪,૬૭,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા

# UPSC પરીક્ષામાં સફળતા મેળવેલા ગુજરાતના ૧૬ યુવાઓને પુરસ્કારથી સન્માનિત કર્યા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય જાહેર સેવા આયોગ UPSCની સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવનારા ગુજરાતના ૧૬ યુવાનોને ગાંધીનગરમાં સન્માનિત કર્યા હતા. રાજ્ય સરકારના સરદાર પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન 'સ્પીપા'માં પૂર્વ પરીક્ષા તાલીમ મેળવી આ યુવાઓ UPSC ફાઈનલમાં સફળ થયા છે. આ તાલીમ સંસ્થામાંથી અત્યાર


ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

સુધીમાં ૨૬૦ યુવક-યુવતિઓએ UPSC પરીક્ષામાં સફળતા મેળવી સનદી અને કેન્દ્રિય સેવા ક્ષેત્રે કારકિર્દીની શરૂઆત કરેલી છે. આ વર્ષે સ્પીપામાં પૂર્વ પરીક્ષા તાલીમ માટે આવેલા ૩૦ માંથી ૧૬ યુવાઓને UPSCમાં સફળતા પ્રાપ્ત થઈ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રપટેલે આ યુવાઓને પ્રેરણા આપતા કહ્યું કે, પદ, પૈસા કે પ્રતિષ્ઠા કરતા જનસેવાના દાયિત્વને કારકિર્દીમાં અહેમિયત આપવાથી જ કાર્ય સંતોષ થાય છે. કાર્યક્રમમાં મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાશનાથન, સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ અને સ્પીપાના નાયબ મહાનિયામક શ્રી વિજય ખરાડી પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ભારતીય મરાઠા મહાસંઘ દ્વારા વડોદરા પોલીસ શી ટીમ વતી સુરક્ષા સંવાદ કાર્યક્રમનું આયોજન

વડોદરાઃ સંસ્કારી નગરી વડોદરામાં IPS ડો. શમશેરસિંહ સાહેબ (વડોદરા શહેર પોલીસ કમિશ્નર) અને રાધિકા ભારાઈ ના નેતૃત્વ હેઠળ કામ કરતી શી ટિમ (SHE TEAM) ના સમર્થનમા છત્રપતિ શિવાજી મહારાજના ધર્મનિરપેક્ષતા અનુસાર કાર્ય કરતી એકમેવ સંસ્થા ભારતીય મરાઠા મહાસંઘ ના પદાધિકારીઓ દ્વારા તારીખ ૧૧મી જૂનના રોજ સાંજે વડોદરા નવલખી કમ્પાઉન્ડ, પિમ્પ્લેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં રાવપુરા પોલીસ સ્ટેશનના માર્ગદર્શનમાં વડોદરા પોલીસ શી ટીમ વતી સુરક્ષા સંવાદ


ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં વડોદરા રાવપુરા પોલીસ સ્ટેશન ના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી રાજેન્દ્ર બી ચૌહાણ સાહેબ તથા શી ટીમ નોડલ અધિકારી ઉષાબેન, હેતલબેન ઉપસ્થિત રહ્યા હતા અને ઉપસ્થિત બાળકો, મહિલા તેમજ સીનીયર સિટીઝનોને પોતાની સુરક્ષા અને જાગરૂકતા વિશે માહિતી આપીને સાવચેત કર્યાં હતા સાથે ખાસ કરીને બાળકો માટે ગુડ ટચ અને બેડ ટચ વિશે સવિસ્તર માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં ભારતીય મરાઠા મહાસંઘના વડોદરા શહેર, જિલ્લા અને પ્રદેશના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને નાના બાળકોને બક્ષિશ સ્વરૂપે ઈનામોનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

# ગુજરાતમાં ૧૫ હજાર જેટલા બેનામી ખેડૂતોનો મામલો પેન્ડિંગ

**ગુજરાત પહેરેદાર**

ગુજરાત રાજ્યમાં તમામ જિલ્લા અને મામલતદાર કચેરીમાં કેટલાક વર્ષથી 15000 જેટલા ખોટા ખેડૂત ખાતેદારો છે અને તેની અરજીઓ પણ ગુજરાત રાજ્યના સચિવ, મહેસુલ કમિશનર અને એક જગ્યાએ અરજીઓ પેન્ડિંગ કરેલ છે તેમ છતાં ખેડૂત ખાતેદારો દ્વારા ખોટી જમીન ખરીદેલ છે તે તમામ જમીનોમાં શ્રી સરકાર દાખલ કરતા નથી અથવા મૂળ માલિકના નામે જમીન કરતા નથી. મળતી માહિતી મુજબ કેસ કરીને ટેબલ નીચેનો વહીવટ ધમધમી રહ્યો છે. આ બાબતે લોકાયુક્ત કમિશનર દ્વારા તપાસ થશે કે નહીં તેવો પ્રશ્ન ખેડૂતો અને પ્રજાને સતાવી રહ્યો છે.

# વડોદરાની સયાજી હોસ્પિટલમાં સોનોગ્રાફી યુનિટ બંધ થતાં હોબાળો

**ગુજરાત પહેરેદાર**

વડોદરા સ્થિત સયાજી હોસ્પિટલમાં રવિવારે સોનોગ્રાફીના ત્રણ યુનિટ પૈકી બે યુનિટ અચાનક બંધ રહેતા દર્દીઓના પરિવારજનો ચાર કલાક સુધી લાંબી લાઈનમાં ઊભા રહીને કંટાળી ગયા હતા અને સિક્યુરિટી સ્ટાફે ઉધ્ધત વર્તન કરતા દર્દીઓના પરિવારજનોએ હોબાળો મચાવ્યો હતો.

# અમેરિકામાં ફરી ગોળીબારની ઘટના, ફાયરિંગની ઘટનાઓથી બાઈડન પ્રશાસન લાચાર

**ગુજરાત પહેરેદાર**

અમેરિકામાં ફાયરિંગની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. ગોળીબારની વારંવારની ઘટનાઓને લઈને બાઈડન વહીવટીતંત્ર લાચાર દેખાઈ રહ્યું છે. ગયા વર્ષે અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન અને ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે પણ ચિંતા વ્યક્ત કરી હતી. પરંતુ તેમ છતાં આવી ઘટનાઓ અટકતી નથી. તાજા મામલામાં અમેરિકામાં ફાયરિંગમાં બે લોકોના મોતના સમાચાર છે. જ્યારે એક વ્યક્તિને ઈજા થઈ છે.

અમેરિકામાં શુક્રવારે રાત્રે ગોળીબારની ઘટનામાં બે લોકોના મોત થયા છે અને એક વ્યક્તિ ઘાયલ થયો છે. જો કે આ ઘટના અંગે વિગતવાર માહિતી બહાર આવી શકી નથી. પૂર્વ કેન્સાસ સિટીમાં એક રેસ્ટોરન્ટ નજીક રાત્રે 9 વાગ્યાની આસપાસ એક અધિકારીએ મદદ માટે બોલાવ્યા બાદ ગોળીબાર થયો હતો.

# તેજસ્વી યાદવનો ઈન્ટરવ્યૂ લેનાર ખાનગી ન્યૂઝ ચેનલના એડિટર તરફથી પ્રતિનિધિએ સર્ટિફિકેટ સાથે ઓરિજિનલ સીડી જમા કરાવી

**ગુજરાત પહેરેદાર**

'દો ગુજરાતી ઠગ હૈ' કહીને સમગ્ર ગુજરાતીઓનું અપમાન કરનારા બિહારના ઉપમુખ્યમંત્રી તેજસ્વી યાદવ સામે સામાજિક કાર્યકરે બદનક્ષીની ફરિયાદ મેટ્રો કોર્ટમાં કરી છે, જેમાં કોર્ટ આજે વધુ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. 20 મેના રોજ હાથ ધરાયેલી સુનાવણીમાં તેજસ્વી યાદવે રજૂ કરેલા નિવેદન મુદ્દે મેટ્રો કોર્ટમાં કાર્યવાહી હાથ ધરાઈ હતી. ત્યારે કોર્ટની સુનાવણી દરમિયાન ખાનગી ન્યૂઝ ચેનલના એડિટરને નોટિસ ઈસ્યુ કરી હતી. આ નોટિસ મળ્યાથી તેજસ્વી યાદવે જે નિવેદન આપ્યા છે, એની ઓરિજિનલ કોપી, સીડી અને પેન ડ્રાઈવ સાથે હાજર રહેવા ફરમાન કર્યું હતું. કોર્ટે ખાનગી ન્યૂઝ ચેનલના એડિટરને હાજર રહેવા માટે ફરમાન કર્યું હતું. જોકે આજે હાથ ધરાયેલી સુનાવણીમાં ખાનગી ન્યૂઝ ચેનલના એડિટર તરફથી તેમના પ્રતિનિધિ હાજર રહ્યા હતા. ગત સુનાવણીમાં મેટ્રો કોર્ટમાં 'ગુજરાતી ઠગ હૈ' મુદ્દે ફરિયાદી પક્ષે સાક્ષી અને પુરાવા રજૂ કર્યા હતા. કોર્ટમાં ત્રણ સાક્ષી રાજેન્દ્ર ટાંક, જતીન પટેલ અને પંકજ પટેલે કોર્ટ સમક્ષ નિવેદન રજૂ કર્યા હતા.

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 9 વર્ષના કાર્યકાળમાં દેશમાં સુશાસન આપ્યું છે - સી.આર. પાટીલ

ગોંડલ ખાતે મહાસંમેલન કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલએ સંબોધન કરતા જણાવ્યું કે, વર્ષ 2022ની વિધાનસભાની ચુંટણીમા ઐતિહાસીક બેઠક જીતાડવા બદલ આપ સૌને વંદન. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે 9 વર્ષના કાર્યકાળમાં દેશમાં સુશાસન આપ્યું છે. સૌનો સાથ,સૌનો વિકાસ,સૌનો પ્રયાસ સુત્ર થકી કામ કર્યુ છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે કાર્યોથી ન માત્ર દેશમાં પણ વિદેશમાં પણ ડંકો વગાડયો છે. આપણા વડાપ્રધાનને વિકાસ પુરુષ તરીકેનું બિરુદ મળ્યું છે. દેશના નાગરિકોને આપેલા વચનો પુર્ણ કરનાર પહેલા વડાપ્રધાન જો કોઇ હોય તો તે આપણા નરેન્દ્રભાઇ


ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર


મોદી સાહેબ છે. દેશને અંદર અને બહારથી સુરક્ષીત કર્યો છે.

2014 પહેલા સમાચાર બનતા કે આંતકવાદીઓએ નિર્દોષ લોકોને મારી નાખ્યા પરંતુ આજે સમાચાર બદલાઈ ગયા છે કે દેશના વિર સૈનિકોએ આંતકીઓનો બોર્ડર પર ખાતમો કરી નાખ્યો. આજે આપણા સૈનિકો દુશ્મન દેશમાં ઘુસી મારવાની ક્ષમતા રાખે છે. ચાઈનાના સૈનિકો આપણી હદમા ઘૂસી જતા પરંતુ મોદી સરકારે સુરક્ષા એવી કરાવી કે ચિની સૈનિકો એક ઈંચ પણ અંદર નથી આવી શકતા. વડપ્રધાનએ કલમ 370 દુર કરી,રામ મંદિરનું નિર્માણ કરવું,સ્વચ્છતા અભિયાન અને દેશને આત્મનિર્ભર કર્યો છે. કોંગ્રેસ સરદાર વલ્લભભાઈ પટેલને ભુલાવવાનો પ્રયાસ કરતી હતી પરંતુ વડાપ્રધાન મોદીએ ખૂબ મોટી પ્રતિમાં બનાવી દીધી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના ધાર્મિક સ્થળોનો વિકાસ કર્યો. વડાપ્રધાનએ યુવાનો, મહિલાઓ, ખેડૂતો એમ દરેક વર્ગના લોકો માટે યોજના બનાવી છે. આવનાર 25 વર્ષમાં આપણો દેશ સૌથી શક્તિશાળી દેશ તરીકે બનાવવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબૂત કરજો.

# અમદાવાદ શહેરમાં જાણો બિપોરજોય વાવાઝોડાના કારણે શું થઈ શકે છે અસર

કચ્છ, સૌરાષ્ટ્રમાં 15 જૂને આ વાવાઝોડું ટકરાશે ત્યારે ગુજરાતમાં વિવિધ વિસ્તારોમાં તેની અસર જોવા મળશે. તેમાં પણ ખાસ કરીને અમદાવાદમાં આ વાવાઝોડાના કારણે વાદળછાયું વાતાવરણ જોવા મળશે. સતત વાવાઝોડા પર હવામાન વિભાગની નજર છે. અમદાવાદમાં પણ તીવ્ર પવન ફૂંકાઈ શકે છે. અગાઉ તાઉતે વાવાઝોડાના કારણે પણ અમદાવાદ, ગાંધીનગરમાં વાદળછાયું વાતાવરણ, વરસાદની સ્થિતિ પેદા થઈ હતી.

સૌરાષ્ટ્ર અને કચ્છમાં આ વાવાઝોડું દરિયાકાંઠે ટકરાશે. 15 જૂને કચ્છના માંડવી અને


ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

પાકિસ્તાથી વાવાઝોડું પસાર થશે. વાવાઝોડાના કારણે ઉત્તર ગુજરાત અને અમદાવાદમાં વરસાદ પડશે. વિવિધ દરિયાઈ વિસ્તારોના જિલ્લામાં એનડીઆરએફની ટીમો સજ્જ કરાઈ છે. આ ઉપરાંત કોસ્ટલ એરીયામાં ચુસ્ત વ્યવસ્થા કરવામાં આવી છે.


તાઉતે વાવાઝોડું ગુજરાતમાં આવ્યું હતું ત્યારે અગાઉ અમદાવાદમાં પણ તેની અસર સર્જાઈ હતી. આ વાવાઝોડું સતત આગળ વધી રહ્યું છે. મુંબઈથી 540 કિમી અને પોરબંદરથી 360 કિમી આ વાવાઝોડું દૂર છે. આ ઉપરાંત દ્વારકાથી 400 કિમી અને નલિયાથી 490 કિમી દૂર છે. કરાંચીથી 660 કિમી દૂર છે. વાવાઝોડાની ગતિ વધઘટ થઈ રહી છે. અગાઉ 11 કિમીની પ્રતિ ઝડપે, 9 કિમી પ્રતિ ઝડપે જોવા મળતું હતું પરંતુ હાલ 5 કિમી પ્રતિ કલાકે આગળ વધી રહ્યું છે. વાવાઝોડું આવશે ત્યારે 100 કિમી ઉપરથી વધુ પ્રતિ કલાક દરિયાઈ વિસ્તારમાં પવન ફૂંકાશે. વાવાઝોડાના કારણે અમદાવાદમાં પણ પવનની ગતિ તેજ બનશે.

# ગુજરાત યુનિ.માંથી 17 એસી ગાયબ

**ગુજરાત પહેરેદાર**

અમદાવાદ, ગુજરાત યુનિવર્સિટીના એનિમેશન વિભાગના 17 એસી ગાયબ છે. આ એસી ક્યાં કોણ લઈ ગયું તે વિશેની ખબર હજૂ સુધી નથી મળી. એનએસયુઆઈના વિરોધ બાદ હવે યુનિવર્સિટીના રજીસ્ટ્રારે એસી ગુમ થવાના મામલે તપાસના આદેશ આપ્યા છે.

આ મામલે યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગના અધિકારીઓ


ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

કશું બોલતા નથી. જો ગાયબ એસીની માહિતી નહીં મળે તો પોલીસ સ્ટેશનનમાં ફરીયાદ કરવામાં આવશે. જો કે, નવાઈની વાત એ પણ છે કે, આ પ્રકારે એક સાથે 17 એસી ગાયબ એક સાથે થઈ ગયા છે છતાં પણ યુનિવર્સિટી તંત્ર આ વિશે હજૂ સુધી અજાણ છે.

6 મહિના પહેલા એનિમેશન વિભાગનું રીનોવેશન કરવામાં આવ્યું હતું. જેમાં આ વિભાગના 17 જૂના એસી કાઢી લેવામાં આવ્યા અને તેને સ્ટોર રુમમાં મૂકી દેવામાં આવ્યા હતા ત્યારે આ એસીની કોઈ ભાળ નથી. એનિમેશન વિભાગ તરફથી કે એસ્ટેટ વિભાગ તરફથી આ મામલે કોઈ સ્પષ્ટતા કરવામાં નથી આવતી.

2 Wheeler અને 4 Wheeler નાં તમામ પ્રકારનાં Claim બાબતે જાણકારી, અથવા Service માટે સંપર્ક કરો -
હરેશ પટેલ
Phone: 89800 27022
Email: haresh@myadvisor.co.in
હીરેન મોરે
Phone: 89800 28536
Email: hiren@myadvisor.co.in

Mediclaim, Top-up plans, Overseas Mediclaim માટેની માહિતી, Claim બાબતોની જાણકારી, Policy Renewal અને નવી Policy માટે સંપર્ક કરો -
જગદિશ બારીયા
Phone: 89800 27024
Email: jagdish@myadvisor.co.in
અશોક પટેલ (સ્વામિ)
Phone: 98252 13518
Email: swamiapatel@myadvisor.co.in

ગોધરા અને નજીકનાં વિસ્તારોનાં 2 Wheeler, 4 Wheeler, ઘરનો વીમો, Office નો વીમો, Personal Accident, Mediclaim ની Retail જાણકારી તથા નવા વીમા માટે સંપર્ક કરો -
યશ શાહ
Phone: 90336 73190
Email: yashshah@myadvisor.co.in

FD - BOND - Digital Landing (P2P) માં invest કરવા માટે સંપર્ક કરો
રોશન શાહ
Phone: 89800 28539
Email: roshanshah@uppercrustwealth.com
દિપેન શાહ
Phone: 72289 56639
Email: dipenshah@uppercrustwealth.com

SIP, Mutual Funds, Equity Trading અને PMS - સલાહ અને રોકાણ માટે સંપર્ક કરો
યશ જોષી
Phone: 81411 22322
Email: yash@uppercrustwealth.com
મનોજ રોહિત
Phone: 89800 28538
Email: manojrohit@uppercrustwealth.com

જોઈએ છે.. જોઈએ છે
સમગ્ર ગુજરાતમાં પ્રજાનો આત્મવિશ્વાસ ધરાવતું ગુજરાતી સાપ્તાહિક ન્યુઝ પેપર અને સોશ્યલ મીડિયા ન્યૂઝ ચેનલ માટે શહેર, જિલ્લા અને તાલુકા સ્તરે જોઈએ છે. પત્રકારો, બ્યુરોચીફ, ન્યુઝ એન્કર, જાહેરાત એજન્સી અને પેપર વિતરકો
ગુજરાત પહેરેદાર
Email : gujaratpaheredar@gmail.com
9925368282 / 9824368282

વેપારી-જનતા માટે આકર્ષક ઓફર
ગરવી ગુજરાતમાં લોકોના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું ખ્યાતનામ ગુજરાત પહેરેદાર ગુજરાતી સાપ્તાહિક અખબારમાં તમારા ઉદ્યોગ ધંધાની જાહેરાત, શુભેચ્છાઓ અને શ્રદ્ધાંજલિ આપવા માટે સંપર્ક કરો.
જાહેરાતના દર : 11 X 9 સે.મી. જાહેરાત રૂા. 2500/-
5 X 9 સે.મી. જાહેરાત રૂા. 1000/-
5 X 9 સે.મી. જન્મ દિવસ શુભેચ્છા 800/-
7 X 9 સે.મી. શ્રદ્ધાંજલી રૂ. 700/-
ગુજરાત પહેરેદાર
Email : gujaratpaheredar@gmail.com
9925368282 / 9824368282

ઓફિસ ખરીદવાની ઉત્તમ તક
ગાય સર્કલ પાસે, અકોટા
1400 સ્કે.ફુટ કારપેટની ઓફીસ
Alloted Car parking • Vaastu Compliant
Suitable for CA/ Advocates/ Architects/ Corporates
Price only ₹ 70 lacs
Call - 9724135559







ગુજરાત પહેરેદાર સાપ્તાહિક ન્યૂઝ પેપર
કોર્પોરેટ ઓફિસઃ 160- વિંગ્સ કોમ્પલેક્ષ, કટારીયા શો રૂમ સામે, મકરપુરા રોડ, વડોદરા, ગુજરાત - 390010
બ્રાંચ ઓફિસઃ ટી એફ-36, દર્શનમ ટ્રેડ સેન્ટર-1, સૂર્યા પેલેસથી દર્શનમ્ ટાઉનશિપ રોડ, સયાજીગંજ, વડોદરા - 390020

તમારી આસપાસ બનતી ઘટનાઓ, અપરાધ, ભ્રષ્ટાચાર, દુષ્કર્મ અને અન્યાયની અમને જાણ કરો તેમજ સમાચાર, ઈવેન્ટ અને જાહેરાત માટે સંપર્ક કરો.
(*માહિતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે)

તંત્રીઃ દક્ષા પ્રકાશ યાદવ (મો.) 9925368282
સહ તંત્રીઃ પ્રકાશભાઇ યાદવ (મો.) 9824368282
Website: www.gujaratpaheredar.com
Email: gujaratpaheredar@gmail.com

Owner / Publisher & Printer : DAXA PRAKASH YADAV, 67-SUNDRANI BHAVAN, SHANTI PRAKASH, HOUSING SOCIETY, VAVDI BHUJARG, GODHRA, PANCHAMAHAL, GUJARAT-389001, INDIA
Printed at : Krishna Graphics & Printers, Basement, Neelam Apartment-2, Matruchhya Colony, Subhanpura, Vadodara - 390 023. Gujarat - India.
GUJARAT PAHEREDAR Editor : DAXA PRAKASH YADAV, M. : 9925368282 Email: gujaratpaheredar@gmail.com